ઓક્ટોબર ૨૦૦૭

# દાદાવાણી

છૂટક પ્રતના રૂા.૧૦



અક્રમ વિજ્ઞાની
'એ.એમ.પટેલ'ની મહીં પ્રગટ થયેલાં
દાદા ભગવાનના અસીમ જય જયકાર હો

**તંત્રી તથા સંપાદક :**
**દીપક દેસાઈ**
વર્ષ : ૧૩, અંક : ૨
સળંગ અંક : ૧૪૬
**ઓક્ટોબર, ૨૦૦૭**



**સંપર્ક સૂત્ર :**
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email : dadavani@dadabhagwan.org
**અમદાવાદ:** (૦૭૯)
૨૭૫૪૦૪૦૮, ૨૭૫૪૩૯૭૯
**રાજકોટ ત્રિમંદિર :**
૯૯૨૪૩૪૩૪૧૬
**મુંબઈ :** (૦૨૨) ૨૪૧૩૭૬૧૬
**U.S.A. :** 785-271-0869
**U.K. :** 07956476253
**Website:** www.dadashri.org
www.dadabhagwan.org



**Publisher, Owner & Printed by :**
**Deepak Desai** on behalf of
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printer/Press :**
**Mahavideh Foundation**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**લવાજમ (ગુજરાતી)**

**૧૫ વર્ષ માટે**
ભારત : ૬૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૦૦ ડોલર
યુ.કે. : ૭૫ પાઉન્ડ

**વાર્ષિક સભ્ય**
ભારત : ૭૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૦ ડોલર
યુ.કે. : ૭ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.


# દાદાવાણી

## દિપાવો જીવન, સેવાના સિંચનથી...

### સંપાદકીય

મનુષ્ય જીવનની સાર્થકતા શામાં રહેલી છે એવું આપણે કદી વિચાર્યું છે ખરું ? યશ, નામ, કીર્તિ, લક્ષ્મી ઉપાર્જનમાં કે પછી બીજું કાંઈ ? મા-બાપ, ગુરુ, સમાજ માટે પણ આપણી કોઈ ફરજ તો હશે ને ? એમણે કરેલો ઉપકાર જીવનમાં કેમ કરીને ભૂલી શકાય ? એ ઉપકારનો બદલો કેવી રીતે વાળી શકાય ? દરેક ધર્મ એક જ વાત દોહરાવે છે કે આ ઉપકારનો બદલો માત્ર સેવાધર્મથી જ વાળી શકાય ! ખરી માનવતા કે માનવધર્મ એ જ છે કે સેવાના સિંચનથી આપણું જીવન દિપે ને આપણાથી બીજાને સુખ થાય.

પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી) કહે છે કે જીવનમાં સુખી થવું હોય તો સુખની દુકાન કાઢો. પ્રમાણિકતા અને ઓબ્લાઈજિંગ નેચર (પરોપકાર ભાવ) ક્યારેય વિસરાવા ના જોઈએ. એથીય આગળ વધીને કષાય રહિત કે કોઈપણ અપેક્ષા વગર સમાજસેવા કરો. અને એટલેથી અટકવાનું તો નથી જ. રીલેટિવ ધર્મ કરતાં કરતાં રીયલ ધર્મમાં આવવાનું છે. સ્વની પ્રાપ્તિનો ધ્યેય ના જ ચૂકાવો જોઈએ. આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી, સમાજસેવા કરતાં કરતાં, પોતાની સેવામાં આવવાનું લક્ષ પણ ના ચૂકાવવું જોઈએ. પોતે પોતાની સેવા કરનારા આ જગતમાં કોઈ પણ જીવને દુઃખ ના આપે અને બીજા એને દુઃખ આપે તો પણ તેમના માટે કિંચિત્‌માત્ર ભાવ ના બગાડે અને જ્યારથી સામાના સુખ માત્રનો જ વિચાર કરે ત્યારથી કરુણાની શરૂઆત થાય છે, એ કરુણા વધતા વધતા અંતે જ્ઞાની પદમાં લાવીને મૂકી દે છે.

જ્ઞાન મળ્યા પછી જ્ઞાનીની સેવા મળે એ તો ઉત્તમ જ છે પણ 'દાદાશ્રી' કહે છે કે એ સેવા પ્રાપ્તિની 'ઇચ્છા' તો ના જ હોવી ઘટે. કારણ કે ઇચ્છા પ્રગટ અગ્નિ છે. હા, ભાવ જરૂર રાખજો. સહજાસહજ સેવા મળી તો સારું ને ના મળે તો તેના માટે દ્વેષ પરિણામ ના ઊભા થવા જોઈએ. પાંચ આજ્ઞાની સેવા એજ 'દાદા'ની સેવા બરોબર છે. 'દાદા'ના દેહની સેવા તો કદાચ બધાને ના પણ મળે, પણ ધ્યેયની સેવા તો બધા અચૂક કરી શકે. અને એક ધ્યેયવાળા હંમેશા ભેગા જ હોય. માટે દેહની સેવાનો આગ્રહ રાખવાને બદલે ધ્યેયની સેવાની ભાવના રાખવી જોઈએ.

ખરી સેવા તો મૂંગી સેવા જ છે, જેમાં તમે સેવા કરો પણ કોઈને પણ ખબર ના પડે. અને એ જ સેવા તમને સેવ્યપદમાં લાવીને મૂકી દે તો કહેવાય નહીં !

દાદાશ્રી કહે છે કે આ આપણા મહાત્માઓ જીવતા જાગતા દેવ છે. તેમની તન-મન-ધનથી સેવા કરો. આવો અવસર ફરી ફરી નહીં મળે. મહાત્માઓની સેવા કરો એ દાદાની સેવા કર્યા બરાબર છે.

અત્રે દાદાશ્રી ઉદ્‌બોધિત આ સંકલનમાં સેવાના વિવિધ પાસા અંગે અદ્‌ભૂત ફોડ પાડે છે, જે આપણા મન-વચન-કાયાને જગત કલ્યાણ યજ્ઞની સેવામાં વાળવા અચૂક સહાયભૂત થશે.

**દીપક દેસાઈ ...✍**

# દિપાવો જીવન, સેવાના સિંચનથી...

## મનુષ્ય જીવનની સાર્થકતા

**પ્રશ્નકર્તા :** મનુષ્યના કર્તવ્ય સંબંધી આપ કંઈક પ્રકાશ પાડશો ?

**દાદાશ્રી :** મનુષ્યના કર્તવ્યમાં, જેણે પાછું મનુષ્ય જ રહેવું હોય તો એની લિમિટ બતાવું. ઊંચે ના જવું હોય કે નીચે ના જવું હોય, ઊંચે છે તે દેવગતિ છે અને નીચે છે તે જાનવરગતિ છે ને એનાથીયે નીચે નર્કગતિ છે. બધી બહુ જાતની ગતિઓ છે. તે તમારે મનુષ્ય પૂરતું જ કહો છો ?

**પ્રશ્નકર્તા :** દેહ છે ત્યાં સુધી તો મનુષ્ય તરીકેના જ કર્તવ્યો બજાવવા પડશે ને ?

**દાદાશ્રી :** મનુષ્યના કર્તવ્ય બજાવે છે તેથી તો મનુષ્ય થયા. આપણે એમાં પાસ થયા તો હવે શેમાં પાસ થવું છે ? જગત બે રીતે છે. એક તો મનુષ્ય જન્મમાં આવી પછી ક્રેડિટ ભેગી કરે છે, તો ઊંચી ગતિમાં જાય છે. ડેબિટ ભેગી કરે છે તો નીચે જાય છે અને જો ક્રેડિટ-ડેબિટ બેઉનો વેપાર બંધ કરી દે તો મુક્તિમાં જાય, ચાર ગતિઓ છે. દેવગતિ ખૂબ ક્રેડિટમાં, ક્રેડિટ વધારે ને ડેબિટ ઓછી એ મનુષ્યગતિ, ડેબિટ વધારે ને ક્રેડિટ ઓછી એ જાનવરની ગતિ અને સંપૂર્ણ ડેબિટ એ નર્કગતિ. આ ચાર ગતિઓ અને પાંચમી છે તે મોક્ષની ગતિ. આ પાંચ જગ્યાઓ ખુલ્લી છે. આ ચારેય ગતિઓ મનુષ્યો પ્રાપ્ત કરી શકે છે અને પાંચમી ગતિ તો હિન્દુસ્તાનના મનુષ્યો જ પ્રાપ્ત કરી શકે છે.

હવે એને મનુષ્ય થવું હોય તો એણે વડીલોની, મા-બાપની, ગુરુની સેવા કરવી જોઈએ. લોકોની જોડે ઓબ્લાઈઝીંગ નેચર રાખવો જોઈએ. અને વ્યવહાર ચોખ્ખો રાખો એટલે સામાની સાથે કશું લેણું-દેણું ના રહે એવી રીતે વ્યવહાર સાચવો, સંપૂર્ણ શુદ્ધ વ્યવહાર.

માનવતામાં તો, કો'કને માર મારતી વખતે અથવા તો તે પહેલા ખ્યાલ આવે. માનવતા હોય તો ખ્યાલ આવવો જ જોઈએ કે મને મારે તો શું થાય ? એ ખ્યાલ પહેલો આવવો જોઈએ તો માનવતા, માનવધર્મ રહી શકે, નહીં તો રહી શકે નહીં. એટલે એ ખ્યાલ રહીને જો બધું કામ કરવામાં આવે તો ફરી મનુષ્યપણું થાય. નહીં તો મનુષ્યપણું ફરી મળવું તેય મુશ્કેલ છે.

## માનવતાનો અર્થ

માનવતા એટલે મારું હું ભોગવું ને તારું તું ભોગવ. મારે ભાગે આવ્યું તે મારું ને તારે ભાગે આવ્યું તે તારું. પરાયામાં દૃષ્ટિ ના કરે એ માનવતાનો અર્થ. પછી પાશવતા એટલે મારું એ ય મારું અને તારું એ ય મારું ! અને દૈવીગુણ કોને કહેવાય ? તારું એ તારું અને મારું એ ય તારું. પરોપકારી હોય એ પોતાનું હોય, તેય બીજાને આપી દે. એવા દૈવીગુણવાળા હોય કે ના હોય ?

## આ છે માનવતાથીય ઊંચો ગુણ

પછી માનવતાથી ઉપર 'સુપર હ્યુમન' કોને કહેવાય ? તમે દસ વખત આ ભાઈનું નુકસાન કરો તોય એ ભાઈ તમારું કામ હોય તે ઘડીએ તમને 'હેલ્પ' કરે ! તમે ફરી એમને નુકસાન કરો તોય તમારે કામ હોય તે ઘડીએ તમને હેલ્પ કરે. એમનો સ્વભાવ જ હેલ્પ કરવાનો છે. એટલે આપણે જાણવું કે આ ભાઈ 'સુપર હ્યુમન' છે. એ દૈવીગુણ કહેવાય. એવાં તો કો'ક જ માણસ હોય. અત્યારે તો એવા માણસ મળે નહીંને ! કારણ કે લાખ માણસમાં એકાદ હોય એવું પ્રમાણ થઈ ગયું છે !

## ઉપયોગ, 'શુભ' - 'શુભાશુભ'

ઘરનાં ભૂખે ટળવળતાં હોય છતાંય પેલો તો એમ જ કહે કે, કોઈને મારીને મારે ભૂખ નથી મટાડવી. તે આત્માનો શુભ ઉપયોગ, પારકા માટે

સારી ભાવના રાખે, લોકોનું ભલું કરે, ઓબ્લાઈઝ (પરોપકાર) કરે. દિલ સાચું નીતિમય રાખે તે શુભ ઉપયોગ. એકલો શુભ ઉપયોગ તો કો'કને જ હોય. બધેય શુભાશુભ ઉપયોગ હોય. શુભાશુભ ઉપયોગ તે ફર્સ્ટ ક્લાસના પેસેન્જર. તેનું ફળ મનુષ્યગતિ. જ્યારે એકલા શુભ ઉપયોગમાં જ જે રહે તે તો એરકન્ડિશન્ડ ક્લાસના પેસેન્જર જેવા છે, એ દેવગતિ પામે.

## આપણા જીવનનો હેતુ શું ?

આ જીવનનો હેતુ શું હશે, એ સમજાય છે ? કંઈક હેતુ તો હશે ને ? નાના હતા, પછી ઘૈડા થાય છે ને પછી નનામી કાઢે છે. નનામી કાઢે છે ત્યારે આપેલું નામ લઈ લે છે. અહીં આવે કે તરત નામ આપવામાં આવે છે, વ્યવહાર ચલાવવા ! જેમ ડ્રામામાં ભર્તૃહરિ નામ આપે છે ને, તે 'ડ્રામા' પૂરો એટલે નામ પૂરું. એમ આ વ્યવહાર ચલાવવા નામ આપે છે અને એ નામ ઉપર બંગલા, મોટર, પૈસો રાખે છે અને નનામી કાઢે છે ત્યારે એની જપ્તી થઈ જાય છે. લોકો જીવન ગુજારે છે ને પછી ગુજરી જાય છે ! આ શબ્દો જ 'ઈટસેલ્ફ' કહે છે કે આ બધી અવસ્થાઓ છે. ગુજારો એટલે વાટખર્ચી ! હવે આ જીવનનો હેતુ મોજશોખ હશે કે પછી પરોપકાર માટે હશે કે પછી નામ કાઢવા માટે હશે ? પણ નામ તો અહીંનું અહીં જ રહેવાનું છે ને જોડે શું લઈ જવાનું છે ? તમારી ગૂંચો.

જીવન જીવવાની કળા આ કાળમાં ના હોય. મોક્ષનો માર્ગ તો જવા દો, પણ જીવન જીવતાં તો આવડવું જોઈએને ? વાત જ સમજવાની છે કે આ રસ્તે આવું છે ને આ રસ્તે આવું છે. પછી નક્કી કરવાનું છે કે કયે રસ્તે જવું ? ના સમજાય તો 'દાદા'ને પૂછવું, તો 'દાદા' તમને બતાવશે કે આ ત્રણ રસ્તા જોખમવાળા છે ને આ રસ્તો બિનજોખમી છે તે રસ્તે અમારા આશીર્વાદ લઈને ચાલવાનું છે.

## જીવનમાં, મહત્ કાર્ય જ આ બે

આ હિન્દુસ્તાનના મનુષ્યનો અવતાર શેને માટે છે ? પોતાનું આ કાયમનું બંધન તૂટે એ હેતુ માટે છે, 'એબ્સોલ્યુટ' (સંપૂર્ણ) થવા માટે છે અને જો આ 'એબ્સોલ્યુટ' થવાનું જ્ઞાન પ્રાપ્ત ના થાય તો તું પારકાંના સારું જીવજે. આ બે જ કામ કરવા માટે હિન્દુસ્તાનમાં જન્મ છે. આ બે કામ લોકો કરતાં હશે ? લોકોએ તો ભેળસેળ કરીને મનુષ્યમાંથી જાનવરમાં જવાની કળા ખોળી કાઢી છે (!)

ભગવાન શું કહે છે કે જો તારે મોક્ષ જોઈતો હોય તો 'જ્ઞાની પુરુષ' પાસે જા અને સંસારમાં સુખ જોઈતું હોય તો મા-બાપની ને ગુરુની સેવા કરજે. મા-બાપની સેવામાં તો અપાર સુખ પ્રાપ્ત થાય તેમ છે.

## યોગ ઉપયોગ પરોપકારાય

પ્રમાણિકતા ને પરસ્પર 'ઓબ્લાઈઝિંગ નેચર'. બસ, આટલાની જ જરૂર છે. પરસ્પર ઉપકાર કરવાનો, આટલો જ મનુષ્યજીવનનો લ્હાવો છે. આ જગતમાં બે પ્રકારનાને ચિંતા મટે, એક જ્ઞાની પુરુષ ને બીજા પરોપકારીને.

ભગવાન કહે છે કે તારાં મન-વચન-કાયા અને આત્માનો ઉપયોગ બીજાને માટે કર. પછી તને કંઈ પણ દુઃખ આવે તો મને કહેજે.

લોકોએ જેમાં સુખ માન્યું તેમાં આપણે પણ સુખ માનવું એ લોકસંજ્ઞા છે અને આત્મામાં જ સુખ છે એમ માનવું એ જ્ઞાનીની સંજ્ઞા છે.

એક માણસ ભગવાનને રોજ પ્રાર્થના કરે કે, 'હે ભગવાન ! મને સુખી કરો, સુખી કરો.' બીજો માણસ પ્રાર્થના કરે ત્યારે બોલે કે, 'હે ભગવાન ! ઘરનાં બધા માણસો સુખી થાય.' એમાં પોતે તો આવી જ જાય. ખરો સુખી બીજો માણસ થાય, પહેલાંની અરજી નકામી જાય. અને આપણે તો

જગતકલ્યાણની ભાવના ભાવીએ તેમાં પોતાનું આત્યંતિક કલ્યાણ આવી જ જાય.

## જીવન ઝગાવો મીણબત્તી સમ

આપણું જીવન કોઈના લાભ માટે જાય, જેમ આ મીણબત્તી બળે છે તે પોતાના પ્રકાશ માટે બળે છે ? સામાના માટે, પરાર્થ માટે કરે છેને ! સામાના ફાયદા માટે કરે છેને ! તેવી રીતે આ માણસો સામાના ફાયદા માટે જીવે તો એમનો ફાયદો તો એની મેળે મહીં રહેલો જ છે. આમેય મરવાનું તો છે જ. એટલે સામાનો ફાયદો કરવા જઈશ તો તારો ફાયદો તો અંદર હોય જ અને સામાને ત્રાસ આપવા જઈશ તો તારે ત્રાસ છે જ અંદર. તારે જે કરવું હોય તે કર. તો શું કરવું જોઈએ ?

સમાજસેવાનો અર્થ શો ? એ ઘણું ખરું 'માય' (મારું) તોડી નાખે છે. 'માય' જો સંપૂર્ણ ખલાસ થઈ જાય, તો પોતે પરમાત્મા છે. એને પછી સુખ વર્તે જ ને !

## ભાવના તો કરુણાની જ

મનુષ્ય જ્યારથી કોઈને સુખ આપતો થયો ત્યારથી ધર્મની શરૂઆત થઈ. પોતાના સુખનું નહીં, પણ સામાની અડચણ કેમ કરીને દૂર થાય તે જ રહ્યા કરે, ત્યાંથી કરુણાની શરૂઆત થાય. અમને નાનપણથી જ સામાની અડચણ દૂર કરવાની પડેલી. પોતાના માટે વિચારેય ના આવે તે કરુણા કહેવાય. તેનાથી જ 'જ્ઞાન' પ્રગટ થાય.

## પરોપકાર, પરિણામે લાભ જ

આ લાઈફ જો પરોપકાર માટે જશે તો તમને કશીય ખોટ નહીં આવે, કોઈ જાતની તમને અડચણ નહીં આવે. તમારી જે જે ઈચ્છાઓ છે તે બધી જ પૂરી થશે અને આમ કૂદાકૂદ કરશો તો એકેય ઈચ્છા પૂરી નહીં થાય. કારણ કે એ રીતે તમને ઊંઘ જ નહીં આવવા દે.

ગૌતમ સ્વામીએ મહાવીર ભગવાનને પૂછયું કે, ઊંઘતો સારો કે જાગતો સારો ? ભગવાને કહ્યું કે, 'એક હજારમાંથી નવસો નવ્વાણું માણસો આ જગતમાં ઊંઘતા જ સારા, પણ એકાદ પરોપકારી જીવ જાગતોય સારો.'

સેવાભાવનું ફળ ભૌતિક સુખો છે અને કુસેવાભાવનું ફળ ભૌતિક દુઃખો છે. સેવાભાવથી પોતાનું 'હું' ના જડે. પણ જ્યાં સુધી 'હું' ના જડે ત્યાં સુધી ઓબ્લાઈજિંગ નેચર (પરોપકારી સ્વભાવ) રાખશો.

શુદ્ધાત્મા ભગવાન શું કહે છે કે જે બીજાનું સંભાળે છે, તેનું હું સંભાળી લઉં છું અને જે પોતાનું જ સંભાળે છે, તેને હું તેના ઉપર છોડી દઉં છું.

## જીવનનો ધ્યેય

આ ધ્યેય વગરનું જીવન, એનો અર્થ જ નથી. લક્ષ્મી આવે છે અને ખઈ-પીને મોજ કરીએ અને આખો દહાડો ચિંતા-વરીઝ કર્યા કરીએ, એ જીવનનો ધ્યેય કેમ કહેવાય ? મનુષ્યપણું મળ્યું એ એળે જાય એનો શો અર્થ છે ? એટલે મનુષ્યપણું મળ્યા પછી આપણા ધ્યેયને પહોંચવા માટે શું કરવું જોઈએ ? સંસારના સુખો જોઈતા હોય, ભૌતિક સુખો, તો તમારી પાસે જે કંઈ હોય તે લોકોને આપો. કંઈ પણ લોકોને સુખ આપો તો તમે સુખની આશા રાખી શકો છો. નહીં તો સુખ તમને મળે નહીં અને જો દુઃખ આપો તો તમને દુઃખ મળશે.

આ દુનિયાનો કાયદો એક જ વાક્યમાં સમજી જાવ, આ જગતના તમામ ધર્મોનો કે જે માણસને સુખ જોઈતાં હોય, તો બીજાં જીવોને સુખ આપો અને દુઃખ જોઈતું હોય તો દુઃખ આપો. જે અનુકૂળ આવે તે આપો. હવે કોઈ કહેશે કે અમે લોકોને કેવી રીતે સુખ આપીએ, અમારી પાસે પૈસા નથી. તો પૈસાથી અપાય છે એવું એકલું જ નથી, એની જોડે

દાન આપવું, લોકોની ઉપર ઉપકાર કરવો, ઓબ્લાઈઝિંગ નેચર રાખવો, લોકોની સેવા કરવી એ બધાને રીલેટિવ ધર્મ કહ્યો. એનાથી પુણ્ય બંધાય. અને ગાળો ભાંડવાથી, મારામારી કરવાથી, લૂંટી લેવાથી પાપ બંધાય. પુણ્ય અને પાપ જ્યાં છે ત્યાં રિયલ ધર્મ જ નથી. પુણ્ય-પાપથી રહિત રિયલ ધર્મ છે. જ્યાં પુણ્ય-પાપને હેય (ત્યજવા યોગ્ય) ગણવામાં આવે છે અને ઉપાદેય (ગ્રહણ કરવા યોગ્ય) પોતાનું આત્મ-સ્વરૂપ ગણવામાં આવે છે, એ 'રિયલ' ધર્મ છે. એટલે આ 'રિયલ' અને 'રીલેટિવ' બન્ને ધર્મ જુદા છે.

'રીલેટિવ ધર્મો' છે એ સંસાર માર્ગ છે, સમાજસેવાનો માર્ગ છે. મોક્ષનો માર્ગ સમાજસેવાથી પર છે, સ્વ-રમણતાનો છે.

જ્યાં સુધી 'હું કોણ છું' જાણે નહીં ત્યાં સુધી પુણ્ય ઉપાદેય રૂપે જ હોય અને પાપ હેય રૂપે હોય. પુણ્ય ને પાપ હેય થયું ત્યાં આગળ સમકિત ! ભગવાને કહ્યું કે પાપ-પુણ્ય બેઉની ઉપર જેને દ્વેષ કે રાગ નથી તે 'વીતરાગ' છે !

## પરોપકારથી બંધાય પુણ્ય

**પ્રશ્નકર્તા :** પુણ્યૈ કેવી રીતે ભેગી થાય ?

**દાદાશ્રી :** જે આવે તેને 'આવ ભઈ, બેસ.' તેની આગતા-સ્વાગતા કરીએ. આપણી પાસે ચા હોય તો ચા ને નહીં તો જે હોય તે, ઢેબરું કકડો હોય તો તે આપીએ. પૂછીએ કે, 'ભઈ, ઢેબરું થોડું લેશો ?' આવો પ્રેમથી વ્યવહાર કરીએ એટલે પુણ્યૈ બધી ભેગી થાય. પારકા સારુ કરવું, એનું નામ પુણ્યૈ. ઘરનાં છોકરાં માટે તો સહુ કોઈ કરે.

**પ્રશ્નકર્તા :** પુણ્યની વૃદ્ધિ માટે શું કરવું ?

**દાદાશ્રી :** આખો દહાડો લોકો પર ઉપકાર કર કર કરવા. આ મનોયોગ, વાણીયોગ અને દેહયોગ લોકોને માટે વાપરવા, એનું નામ પુણ્ય.

ઓબ્લાઈઝિંગ નેચર રાખી શકાય, એનો ધક્કો ખઈ શકાય અને સલાહ આપી શકાય, અનેક રીતે ઓબ્લાઈઝ કરી શકીએ એમ છે. અને સેવા ના થાય, તો કોઈને દુઃખ ના થાય એવું જોવું પડે. ભલેને નુકસાન કરી ગયો હોય. કારણ કે એ પૂર્વનો કંઈક હિસાબ હશે. પણ આપણે એને દુઃખ ના થાય એવું કરવું જોઈએ.

ધર્મ એટલે કંઈ ભગવાનની મૂર્તિઓ પાસે બેસી રહેવું, એનું નામ ધર્મ નથી. ધર્મ તો આપણે ધ્યેયને પહોંચવું, એનું નામ ધર્મ છે. જોડે જોડે એકાગ્રતાને માટે આપણે કોઈ પણ સાધન કરીએ એ વાત જુદી વસ્તુ છે, પણ એકાગ્રતા આમાં કરો તો બધું એકાગ્ર જ છે આમાં. ઓબ્લાઈઝિંગ નેચર રાખો, નક્કી કરો કે મારે ઓબ્લાઈઝ જ કરવા છે હવે, તો તમારામાં ફેરફાર થઈ જશે. નક્કી કરો કે મારે વાઈલ્ડનેસ કરવી નથી. જેનાથી કંઈક આપણા ધ્યેય તરફ પહોંચી શકાય.

## સેવા એ રીલેટિવ ધર્મ

**પ્રશ્નકર્તા :** ઘણાંને એમ લાગે કે 'હું ધર્મને રસ્તે જ જઈ રહ્યો છું.' મારે બીજું કશું જાણવાની જરૂર નથી, એ શું ?

**દાદાશ્રી :** સીધા માણસને સેવાભાવ એટલે જ ધર્મ લાગે. સેવાભાવ એટલે કોઈને સુખ આપવું, કોઈની અડચણો દૂર કરવી, એનું નામ ધર્મ. પણ તે ખરો ધર્મ નથી ગણાતો.

ધર્મ બે પ્રકારના છે : એક સ્વાભાવિક ધર્મ, એને રિયલ ધર્મ કહેવાય છે અને બીજો વિભાવિક ધર્મ, એને રીલેટિવ ધર્મ કહેવાય છે. જ્યારે 'શુદ્ધાત્મા' પ્રાપ્ત થાય ત્યારે સ્વાભાવિક ધર્મમાં આવે. સ્વાભાવિક ધર્મ જ ખરો ધર્મ છે. એ ધર્મમાં સારું-ખોટું કશું વીણવાનું છે જ નહીં. વિભાવિક ધર્મમાં બધું વીણવાનું છે.

## પુણ્યાનુબંધી પુણ્ય

પુણ્યાનુબંધી પુણ્ય કોને કહેવાય કે જે આજે પુણ્ય હોય, મસ્ત સુખ ભોગવતાં હોઈએ, કોઈ અડચણ પડતી ના હોય અને પછી પાછું ધર્મનું ને ધર્મનું, આખો દિવસ કર્યા કરે એ પુણ્યાનુબંધી પુણ્ય. એવા વિચાર આવે ને ધર્મના ને ધર્મના, સત્સંગમાં રહેવાના જ વિચાર આવે. અને જે પુણ્યથી સુખસગવડો બહુ ના હોય, પણ વિચારો ઊંચા આવે કે કેમ કરીને કોઈને દુઃખ ના થાય એવું વર્તન કરું, ભલે પોતાને થોડી અડચણ પડતી હોય, તેનો વાંધો નહીં પણ કોઈને ઉપાધિમાં ના મૂકું એ પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય એટલે નવા અનુબંધ પણ પુણ્યનાં થાય. પુણ્ય ભોગવે ને સાથે આત્મકલ્યાણ અર્થે અભ્યાસ, ક્રિયા કરે. પુણ્ય ભોગવે ને નવું પુણ્ય બાંધે, જેથી અભ્યુદયથી મોક્ષફળ મળે.

**પ્રશ્નકર્તા :** પુણ્યાનુબંધી પુણ્યનો દાખલો આપો.

**દાદાશ્રી :** આજે કોઈ માણસને મોટર-બંગલા બધાં સાધનો છે, સ્ત્રી સારી, છોકરાં સારાં, નોકરો સારા, એ જે સારું મળ્યું છે તેને શું કહેવાય ? લોકો કહે કે, 'પુણ્યશાળી છે.' હવે એ પુણ્યશાળી શું કરી રહ્યો છે, તે આપણે જોઈએ તો આખો દહાડો સાધુ-સંતોની સેવા કરતો હોય, બીજાની સેવા કરતો હોય અને મોક્ષ માટે તૈયારી કરતો હોય. એવું તેવું કરતાં કરતાં એને મોક્ષનું સાધનેય મળી આવે. અત્યારે પુણ્ય છે અને નવું પુણ્ય બાંધે છે અને ઓછું પુણ્ય મળે પણ વિચાર પાછા તેના તે જ આવે, 'મોક્ષે જવું છે' એ પુણ્યાનુબંધી પુણ્ય. આ તમે મને ભેગા થયા એ તમારું કંઈ પુણ્યાનુબંધી પુણ્ય હશે ને, તેના આધારે ભેગા થયા. જરાક અમથો છાંટો પડી ગયો હશે, નહીં તો ભેગા જ ના થવાય.

બધાં હઠથી કરેલાં કામ, હઠાગ્રહી તપ, હઠાગ્રહી ક્રિયા એનાથી પાપાનુબંધી પુણ્ય બંધાય. જ્યારે સમજીને કરેલું તપ, ક્રિયાઓ, પોતાના આત્મકલ્યાણ હેતુસર કરેલાં કર્મોથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય ને કો'ક કાળે જ્ઞાની પુરુષ ભેગા થઈ જાય ને મોક્ષે જાય.

## ચઢિયાતો અંતે તો મોક્ષમાર્ગ

**પ્રશ્નકર્તા :** આ સેવાધર્મથી મોક્ષમાર્ગ ચઢિયાતો છે એ મને સમજાવો.

**દાદાશ્રી :** મોક્ષમાર્ગ તો ચિંતા ના થાય, ઉપાધિ ના થાય, ક્રોધ-માન-માયા-લોભની નબળાઈ ના હોય. અહીં જ એ ચઢિયાતો છે. અને પેલી તો ઉપાધિઓ બધી. ઘેર બૈરી વઢે. ગમે એટલી સેવા કરો પણ રાત્રે ભાંજગડ થઈ કે બીજે દહાડે બગડી જાય પાછું અને દૂધપાક કરવાનો હોય તેને બદલે દહીં થઈ ગયું હોય. પાછું એ લોકો શાસ્ત્રોની વાતો જ કરે છેને ? આમ કરો, તેમ કરો, પુસ્તકોય બોલે છે ને એય બોલે છે. કોઈએ કરી બતાવ્યું ? એને ધર્મ ના કહેવાય. ધર્મ તો કરી બતાવે એનું નામ ધર્મ. એ તો પુસ્તક બોલે છે ને, 'આમ કરો, સત્ય બોલો, જૂઠું બોલશો નહીં. ફલાણું કરો, દાન આપો, બધાની સેવા કરો, માણસની સેવા કરો.' એવુંય બોલે છે. કેમ લાગે છે તને ? તને પોતાને ફીટ થાય તો બરોબર છે. બાકી બધાને મોક્ષની મહીં ઈચ્છા ના થાય.

અને શેના આધીન છે પોતે ? પોતે કરતો નથી. આ તો ઈગોઇઝમ કરે છે કે મેં આ સેવા કરી. પણ જે જાણે કે હું નથી કરતો, બીજી શક્તિ કરે છે, તો સારું કહેવાય. એટલે એ સારા છે, બહુ સારું કામ કરે છે. લોકો કુસેવા કરે છે એના કરતાં સુસેવા સારી, પણ બધું ઈગોઇઝમ છે. અને મોક્ષ તો ઈગોઇઝમ વગર હોય. મારે, ગાળ ભાંડે તોય ઈગોઇઝમ ના હોય ત્યાં મોક્ષ થાય.

**પ્રશ્નકર્તા :** મોક્ષનો સરળ ઉપાય શો ?

**દાદાશ્રી :** કષાય રહિત 'જ્ઞાની પુરુષ'ની સેવાથી મોક્ષમાર્ગ સરળ થાય.

**પ્રશ્નકર્તા :** કયા કયા સાધનથી મોક્ષ થાય ?

**દાદાશ્રી :** જ્ઞાનથી મોક્ષ થાય. સદ્જ્ઞાનથી, આત્મજ્ઞાનથી મોક્ષ થાય.

## વ્યવહાર સંગે સંગે ચિત્તશુદ્ધિ...

**પ્રશ્નકર્તા :** સંસારમાં રહીને ચિત્તશુદ્ધિ કેવી રીતે થાય ?

**દાદાશ્રી :** સંસારમાં ચિત્તશુદ્ધિ કરવા માટે બહુ પ્રમાણિક નિષ્ઠાથી રહેવું જોઈએ અને ઓબ્લાઈઝિંગ નેચર (પરોપકારી સ્વભાવ) રાખવો પડે. પ્રમાણિક નિષ્ઠાથી એટલે કોઈનું કંઈ પણ ખોટું આપણા ઘરમાં ના આવે, એવી રીતે રહેવું જોઈએ. આપણું કો'કને ત્યાં જવું જોઈએ. એટલે જેટલું આપણું લોકોને ત્યાં ગયું એટલી ચિત્તશુદ્ધિ થાય.

પણ છેવટે આત્માને જાણવો પડે, જ્ઞાની પુરુષ પાસેથી ! આત્મજ્ઞાની સિવાય કોઈ દહાડો ચિત્તની શુદ્ધિ ના થાય. આત્મજ્ઞાની મળે તો આપણો ઉકેલ આવે. નહીં તો પછી આ ભાંજગડ છે. રમી રમવા જાય તેના કરતાં જ્યાં છે ત્યાં બેસી રહે તે સારું. એ જગ્યાએ બેસી રહ્યો હોય, તે લપસી ના પડાયને ! એટલે ઉકેલ કરવો હોય તો આત્મજ્ઞાની સિવાય ઉકેલ ના થાય.

## જ્ઞાનીનો વિનય એજ સેવા

'જ્ઞાની પુરુષ'નાં દર્શન કર્યા તેથી તો ઊંચામાં ઊંચા અભ્યુદય અને આનુષંગિક ફળ મળે છે અને તેથી તો શાંતિ ઊંચામાં ઊંચી રહે છે. સંસારનું વિઘ્ન ના નડે અને મોક્ષનું કામ થાય, બંનેય સાથે જ રહે.

વીતરાગ ભગવાનનાં દર્શન જો કરતાં આવડે તો, ભલેને એ મૂર્તિ છે, છતાં અભ્યુદય અને આનુષંગિક ફળ મળે. પણ એ દર્શન કરવાનું તો 'જ્ઞાની પુરુષ' સમજાવે તો આવડે. નહીં તો કોઈને આવડે નહીં ને ! 'જ્ઞાની પુરુષ'નાં દર્શન માટે તો કોટિ જન્મોની પુણ્યૈનો ચેક વટાવવો પડે. હજારો વર્ષે 'જ્ઞાની પુરુષ' પ્રગટ થાય, અને તેમાંય આ તો અક્રમ જ્ઞાની; તે કશા જ જપ નહીં, તપ નહીં ને વગર મહેનતે મોક્ષ ! 'જ્ઞાની પુરુષ' પાસે દૃષ્ટિફળ મળે અને એનાથી મોક્ષફળ મળે અને સેવાફળથી સંસારનો અભ્યુદય થાય. અહીં સેવામાં પરમ વિનય એ જ સેવા. અહીં 'જ્ઞાની પુરુષ'ને કંઇ ખોટ હોય ? એ કશાના ભિખારી ના હોય. ફૂલની પૂજાથી વિનય કરે એ જ સેવા ! જેને સાંસારિક અડચણ હોય તે 'જ્ઞાની પુરુષ'ને ફૂલાં ચઢાવે તો અડચણો દૂર થાય. ભગવાને ભાવપૂજા અને દ્રવ્યપૂજા બંને સાથે રાખી છે. ફૂલ તોડીને તમે સૂંઘો કે બીજો ઉપયોગ કરો તો તે તમને નુકસાન એટલું જ છે, પણ જો ખાલી તોડશો જ તો તોડવાનું નુકસાન છે. પણ જો ભગવાનને ચઢાવવા ફૂલ તોડ્યાં છે તો ફાયદો વિશેષ થશે. આનુષંગિક અને અભ્યુદય એમ ભાવપૂજાનાં બે ફળો છે, મોક્ષમાં પણ લઈ જાય અને વૈભવ પણ સાથે રહે. સંસારીએ દ્રવ્યપૂજા કરવાની છે અને આત્મજ્ઞાનીઓએ ભાવપૂજા એકલી જ કરવાની હોય. પણ આ કાળે આ ક્ષેત્રથી મોક્ષ નથી, માટે હજી બે-ત્રણ અવતાર કરવાના હોવાથી દ્રવ્યપૂજા અને ભાવપૂજા બંને કરવી જોઇએ.

## અનોખી ગુરુદક્ષિણા

**પ્રશ્નકર્તા :** વિદ્યાગુરુ નિઃસ્પૃહી હોય તો તેને ગુરુદક્ષિણા કઈ રીતે ચૂકવી શકાય ?

**દાદાશ્રી :** વિદ્યાગુરુ નિઃસ્પૃહી હોય તો એમની સેવા કરીને, શારીરિક સેવા અને બીજા ધક્કા ખઈને ચૂકવાય. બીજી રીતોય બધી બહુ હોય છે. નિઃસ્પૃહીનેય બીજે રસ્તે સેવા કરી શકાય એવું છે.

**પ્રશ્નકર્તા :** આધ્યાત્મિક ગુરુ નિઃસ્પૃહી હોય તો તેને ગુરુદક્ષિણા કઈ રીતે આપી શકાય ?

**દાદાશ્રી :** એમની આજ્ઞા પાળવાથી. જો એમની આજ્ઞા પાળીએ ને તો એમને ગુરુદક્ષિણા પહોંચી જાય. આ અમે પાંચ આજ્ઞા આપીએ છીએ, તે પાળે એટલે અમારી દક્ષિણા પહોંચી ગઈ.

## મા-બાપની સેવા અંતે એક ફરજ

આ દુનિયામાં ત્રણનો મહાન ઉપકાર છે. એ ઉપકાર છોડવાનો જ નથી. ફાધર, મધર અને ગુરુનો ! આપણને જેમણે રસ્તો ચઢાવ્યા હોય, તે આ ત્રણનો ઉપકાર ભૂલાય એવો નથી.

**પ્રશ્નકર્તા :** આ બધાંયના મા-બાપો ભેગા છે ને છોકરાઓ છે, તો આ સામાજિક જીવન એમણે કેવી રીતે જીવવું ? મા-બાપે કેવી રીતે જીવવાનું, છોકરાએ કેવી રીતે જીવવાનું, આ એક મોટો કોયડો થઈ ગયો છે, તો આ એવો કંઈ રસ્તો નીકળવો જોઈએ કે એમને સમજાય કે સામાજિક જીવન કેવી રીતે જીવે ?

**દાદાશ્રી :** પરસ્પર બધાને સુખ આપવાનો પ્રયત્ન કરે ને દુઃખ તો આપવું જ નહીં. સુખ જ આપવાનો પ્રયત્ન કરે.

**પ્રશ્નકર્તા :** સુખની વ્યાખ્યા ? કેવી રીતે આપવું ?

**દાદાશ્રી :** એ મા-બાપને ગમે એ રીતે પોતે વર્તે, પોતે એમના આધીન જ રહેવું પડે. આ જ્ઞાન હોયને, તો આત્મા છૂટો પડતો જાય એનો. છોકરાઓ બાપના આધીન વર્ત્યા કરે, બાપના કહ્યા પ્રમાણ. ના ગમે તો ય બાપના આધીન વર્ત્યા કરે. પછી વિચાર કરે તો એને શાંતિ વળે, સુખ થાય મહીં, જો અવળો ના ચાલે તો. એ સુખ ક્યાંથી આવ્યું ? ત્યારે કહે, આ પરાધીન હતું, તે દુઃખ જ હતું. સ્વાધીનપણાનું પછી સુખ ઉત્પન્ન થાય મહીં.

**પ્રશ્નકર્તા :** એ સ્વાધીનપણાનું સુખ કેવી રીતે ઉત્પન્ન થાય ?

**દાદાશ્રી :** બાપના કહ્યા પ્રમાણે ચાલે. પોતાને લાગે કે આ પરવશતા છે, પણ પછી સુખ લાગે એમાં.

**પ્રશ્નકર્તા :** એટલે મા-બાપના કહ્યા પ્રમાણે ચાલવું જોઈએ, એ નક્કી વાત થઈ.

**દાદાશ્રી :** ચાલવું જ જોઈએ ને ! સંસાર એનું નામ જ કહેવાય.

**પ્રશ્નકર્તા :** એટલે મા-બાપનો રાજીપો મેળવવો જોઈએ ?

**દાદાશ્રી :** ત્યાં મા-બાપનો રાજીપો મેળવવો જોઈએ, બધુંય કરવું પડે.

**પ્રશ્નકર્તા :** સંસારમાં પહેલી ફરજ તો આ જ કહેવાયને ! મા-બાપને મન-વચન-કાયાથી કિંચિત્‌માત્ર દુઃખ ન થાય, કોઈપણ રીતે, એ પહેલી વાત.

**દાદાશ્રી :** દરેકની, મા-બાપ એકલાની નહીં. કાકો, મામો, ફૂવો બધાની, દરેકની. અને બાપે છોકરાંની, છોકરાની વહુની... છોકરાં-વહુની જોડે 'કેવી રીતે ફરજ રાખવી' એ બાપે સમજવું જોઈએ. બધાં જોડે ફરજ બજાવવાની છે.

## 'આપણી' ફરજો ના ચૂકવી

**પ્રશ્નકર્તા :** સાંસારિક ફરજો અને ધર્મ કાર્ય વચ્ચે સમન્વય કેવી રીતે સાધવો ?

**દાદાશ્રી :** સાંસારિક ફરજો તો ફરજિયાત જ છે. મા-બાપે માનવું કે છોકરાંની આપણે ફરજો બજાવી એ છે તે ફરજિયાત છે. છોકરાએ એમ માનવું જોઈએ કે મારી ઉપર ઉપકાર કર્યો છે, એટલે એમના તરફ મારે ભાવ રાખવા જોઈએ, એવી માન્યતા હોવી જોઈએ. નહીં તો પછી પેલો મીકેનિકલ થઈ જાય. ફરજિયાત થયું એટલે, મા-બાપ પ્રત્યેની સેવાનો ભાવ ઊડી જાય ને !

## મા-બાપનું કરજો જતન

મા-બાપ એટલે મા-બાપ. આ દુનિયામાં પહેલામાં પહેલી સેવા કરવા જેવી હોય તો મા-બાપની.

એમની સેવા કરીશ ?

**પ્રશ્નકર્તા :** હા, સેવા ચાલુ જ છે. ઘરકામમાં મદદ કરું છું.

**દાદાશ્રી :** લ્યો, એ તો બધું નોકર રાખ્યો હોત તો તેય કરે.

**પ્રશ્નકર્તા :** એમાં પૈસા જાય ને !

**દાદાશ્રી :** તે તારી પાછળ પૈસા નથી આપતા ? કપડાં પહેરાવાનું તને જમાડે ને એ બધું. તેમાં તેં શું કર્યું ? સેવા તો ક્યારે કહેવાય? એમને દુઃખ થતું હોય, પગ ફાટતા હોય અને આપણે પગ એમને દબાવી આપીએ એવું તેવું બધું....

**પ્રશ્નકર્તા :** હા, એ હું કરું છું ને !

**દાદાશ્રી :** કરું છું ?! એમ ! મોટો થઈશ ત્યારે પપ્પા-મમ્મીને શું કરીશ ?

**પ્રશ્નકર્તા :** સેવા કરીશ.

**દાદાશ્રી :** શી રીતે સેવા કરીશ ? તું તો નોકરી કરીશ કે સેવા કરીશ ? જો બહાર નોકરી કરીશ અને ઘેર આવું તો વહુની ભાંજગડમાં પડવું પડશે, તો એમની સેવા તું ક્યારે કરીશ ? બહારનું ડિપાર્ટમેન્ટ રચાઈ ગયું, અંદર ઘરનું ડિપાર્ટમેન્ટ રચાઈ ગયું. એમનું ડિપાર્ટમેન્ટ કયું આવશે ? તને કેમ લાગે છે ? કે પૈણ્યા વગર રહેવાનો છું ?

## ચૂકશો ના ફરજ, સેવા તણી

**પ્રશ્નકર્તા :** જો સેવા કરવી હોય તો પરણવું નહીં, એ વાત સાચી છે.

**દાદાશ્રી :** હા, પણ ના પૈણે તો શી રીતે ચાલશે ? રહેવાશે ? ત્યાગી તરીકે, સાધુ તરીકે રહેવાશે ? એટલી તારી શક્તિ છે ?

**પ્રશ્નકર્તા :** હા, રહેવાશે.

**દાદાશ્રી :** એમ ! આ તો પૈણવાનું ના કહે છે. એ પહેલેથી જ એવું કહે છે, નહીં ? એટલે લફરું વળગે નહીં એટલે ભાંજગડ જ નહીં ને ! બહુ મજા નથી, પણ એ તો પછી છેવટે પૈણવું પડે. પછી ઘૈડી જોડે પૈણવું પડે, એનાં કરતાં જવાન જોડે પૈણને ! એટલે પૈણજે મોટો થઈને. બે-પાંચ-સાત વર્ષ પછી પૈણજે અને પૈણે ને પછી વહુનેય એમ કહેવું કે તુંય સેવા કર અને હુંય સેવા કરું. બેઉ એમની સાથે સેવા કરવી.

**પ્રશ્નકર્તા :** નહીં, એ નહીં. લગ્નની વાત જવા દો. લગ્નની વાત આપણે બાજુમાં રાખીએ. પણ સેવા કરવી જ જોઈએ ને ?

**દાદાશ્રી :** સેવા તો કરવી જ જોઈએ.

**પ્રશ્નકર્તા :** નિર્મળ પ્રેમથી, વિનયથી, પરમ વિનયથી એમની સેવા કરવી જોઈએ ને ?

**દાદાશ્રી :** એ બધું સો ટકા.

**પ્રશ્નકર્તા :** એમનો પ્રેમ સંપાદન કરવો જ જોઈએ.

**દાદાશ્રી :** હા, તે વાંધો નથી. બાકી બધી ફરજો પૂરી કરવાની.

## આપણા વાંકે ભેગું થયું વાંકું

**પ્રશ્નકર્તા :** પણ દાદા, કેટલાંકના મા-બાપ બહુ સંસ્કારી હોય છે પણ એમનાં છોકરાં બહુ રાશી હોય છે, તો તેનું શું કારણ ?

**દાદાશ્રી :** હા. કેટલાંક છોકરા ખરાબ પાકે ! અને કેટલાક છોકરા મા-બાપની સેવા કરે છે, એવી સેવા કરે, ખાધા-પીધા વગરેય સેવા કરે છે. તેમને માટે એવું નથી. બધો આપણો જ હિસાબ છે. આપણા વાંકથી આપણને ભેગું થયું.

છોકરા નાલાયક એટલે તમારે સમજી લેવું કે

મારામાં નાલાયકી દેખાતી નથી, પણ આ નાલાયકી મારી જ છે એવું સમજી લેવું. આપણી નાલાયકી આમાં (છોકરામાં) દેખાય છે, પ્રત્યક્ષ ફોટા રૂપે.

## જૂની ગાડી જલ્દી ગરમ થાય

**પ્રશ્નકર્તા :** ખાવાનું સહેજ બરાબર ફાવ્યું નહીં તો મારા ફાધર બહુ ગરમ થઈ જાય.

**દાદાશ્રી :** એમ નહીં, પણ સામી સેવા કરવી જોઈએ. આ વડીલોની સેવા કરવી એ તો મોટામાં મોટો ધર્મ છે. જુવાનીયાનો ધર્મ શું ? ત્યારે કહે, વડીલોની સેવા કરવી. જૂની ગાડીઓને ધકેલીને લઈ જવી અને તો જ આપણે ઘૈડા થઈશું તો આપણને ધકેલનારા મળશે. એ તો આપીને લેવાનું છે. આપણે ઘૈડાઓની સેવા કરીએ તો આપણી સેવા કરનારા મળી આવે અને આપણે ઘૈડાઓને હાંક હાંક કરીએ તો આપણને હાંક હાંક કરનારા મળી આવે. જે કરવું હોય તે છૂટ છે.

## બનતી બધી મદદ કરી છૂટવી

**પ્રશ્નકર્તા :** બધા પોતપોતાનાં કર્મો ભોગવે છે, તો આપણાં મા-બાપ બિમાર થયા હોય તો આપણે એમને એમનાં કર્મો ભોગવવા દેવાનાં, કઈ કરવાનું નહીં ?

**દાદાશ્રી :** કાં તો આપણે ત્યાં જવું, ચાકરી કરવી અને ચાકરી ના કરવી હોય તો વગર કામનાં બોલ બોલ કરવાનો અર્થ નહીં, છેટે રહીને તાલીઓ પાડવાની જરૂર નથી. તમે જો લાગણીવાળા હો તો પહોંચી જાવ. લાગણીવાળાએ મા-બાપની સેવા કરવી જોઈએ અને લાગણી નથી તો અમથા અમથા બૂમો પાડવી, એનો અર્થ નથી.

**પ્રશ્નકર્તા :** દાદા, પહોંચી જવાથી થોડા કંઈ એ લોકોના કર્મો ને પીડામાં ફેર થવાનો છે ?

**દાદાશ્રી :** ત્યાં પહોંચી જાવ એટલે કંઈ હેલ્પ થયા વગર રહે નહીં. આવું બોલીએ એ તો ગપ્પું માર્યું કહેવાય ! એ તો ગુનો કહેવાય. લાગણી થતી હોય તો ત્યાં પહોંચી જવું જોઈએ. લાગણી થાય ને કરવું નહી, અહીંથી બૂમાબૂમ કરવી એનો અર્થ નહીં. અને ના પહોંચી શકો તો લાગણીવાળા કોઈએ પૈસા મોકલ્યા છે, એ લોકોની હેલ્પ માટે ? તેં મોકલ્યા છે પૈસા ?

**પ્રશ્નકર્તા :** હા, મોકલ્યા છે, દાદા.

**દાદાશ્રી :** આપણે જો જાતે જવાય નહીં તો પૈસા મોકલીને પણ હેલ્પ કરવી. આપણે હેલ્પ તો કરવી જ જોઈએ. એવું એના કર્મ ઉપર છોડી ના દેવાય.

## ઉપકારીનો ઉપકાર કેમ ભૂલાય ?

**પ્રશ્નકર્તા :** આ જે બેનો છે, એમને અત્યારે આપ એવું કંઈક કહો કે જેથી કરીને એમને પોતાને લાભ થાય અને સમાજને પણ લાભ થાય.

**દાદાશ્રી :** આ બેનોના બધાં પ્રતિક્રમણ વાંચ્યા. એમને બહુ ભાંજગડો હોતી નથી. બહુ ત્યારે મા-બાપની જોડે કે ભાઈ જોડે ભાંજગડ થયા કરે છે. મા-બાપ બોલે ને એટલે આ ગુસ્સે થયા કરે ને આ આવડું બોલે એટલે મા-બાપ પછી પાછું બીજે દા'ડે ટાઢાં પડી જાય. તે રાગ-દ્વેષથી ઊભું રહ્યું છે. તે આ લોકો મા-બાપનો જો ગુણ માને કે મા-બાપે આપણને અવતાર આપ્યો છે ને એ અવતાર મોક્ષને માટે લાયક છે. તો આવો ઉપકાર ભૂલે નહીં. મા-બાપનો ઉપકાર જો ભૂલે તો આવું એમના સામું થાય. નહીં તો એ ગમે તે કહે પણ એ ઉપકારી છે, માટે તેનું 'લેટ ગો' કરવું પડે. એવું જો સમજવામાં આવે તો ઉકેલ આવે, નહીં તો આનો ઉકેલ જ નથી આવે એવો. જો મારું અસ્તિત્વ હું જાહેર કર્યા કરું, એનો અર્થ જ નથી. મા-બાપ પોતે છોકરાંને મોટાં કરે છે એ ભલે ફરજીયાત હશે, તમારા પુણ્યના આધારે છે એ પણ વ્યવહારમાં દેખાય છે પણ છતાં ઉપકારી છે

એ. એટલે ઉપકારીનો ઉપકાર ઓળંગવો ના જોઈએ. એમના તરફ કંઈ પણ ભાવ ના બગડે અને બગડે તો પશ્ચાત્તાપ કર્યા જ કરવો પડે.

જે માણસ મા-બાપનો દોષ જુએ, એમનામાં કોઈ દા'ડો ભલીવાર જ ના આવે. વખતે પૈસાવાળો થાય, પણ એની આધ્યાત્મિક ઉન્નતિ ક્યારે પણ ના થાય. મા-બાપનો દોષ જોવાય નહીં. ઉપકાર તો ભૂલાય જ શી રીતે ? કોઈએ ચા પાઈ હોય તો ઉપકાર ભૂલાય નહીં, તો આપણે મા-બાપનો ઉપકાર તો ભૂલાય જ શી રીતે ?

તું સમજી ગયો ? ફાધર-મધરની બહુ સેવા કરવી જોઈએ. એ અવળું બોલે તો આપણે એને શું કરવાનું ? ઇગ્નોર કરવાનું. કારણ કે મોટા છે ને ! કે તારે અવળું બોલવું જોઈએ ?

**પ્રશ્નકર્તા :** ના બોલવું જોઈએ પણ બોલી જવાય તેનું શું ? મિસ્ટેક થઈ જાય તો શું ?

**દાદાશ્રી :** હા, કેમ લપસી નહીં પડાતું ? ત્યાં પાકો રહું છું અને એવું લપસી પડ્યું તો તે ફાધરેય સમજી જશે કે આ લપસી પડ્યો બિચારો. આ તો જાણીજોઈને તું એ કરવા જઉં, તો 'તું અહીં કેમ લપસી પડ્યો ?' તે હું જવાબ માંગું. ખરું-ખોટું ? એટલે એઝ ફાર એઝ પોસીબલ (શક્ય હોય ત્યાં સુધી) આપણને હોવું ના ઘટે અને તેમ છતાંય તારાથી, તારી શક્તિ બહાર થઈ ગયું હશે તો એ બધાં સમજી જશે, કે આવું કરે નહીં આ.

એમને ખુશ રાખવા. એ તને ખુશ રાખવા ફરે કે નહીં ? તને એમને સુખી રાખવાની ઇચ્છા ખરી કે નહીં ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા. ઘણીવાર એવું થાય કે મારી કંઈ ભૂલ જ નથી. કો'ક વાર મારી ભૂલ મને ખબર પણ પડે અને ઘણીવાર મારી કંઈ ભૂલ થતી જ નથી, એમનો જ વાંક છે એવું લાગે.

**દાદાશ્રી :** તને એવું લાગે પણ પછી પ્રતિક્રમણ કરવું.

**પ્રશ્નકર્તા :** હં. પછી એમને પણ જરા કઢાપો-અજંપો વધારે થઈ જાય, ત્યારે એવું થાય કે હવે આપણા નિમિત્તે આવું ના થવું જોઈએ.

**દાદાશ્રી :** ના, પણ એવું નહીં. તું અવળું બોલી તેનાં 'મારી ભૂલ થઈ' એમ કરીને પ્રતિક્રમણ કરવું પડે.

**પ્રશ્નકર્તા :** મને અમુક વાર મારી પોતાની ભૂલ લાગતી નથી, તેમની જ ભૂલ છે.

**દાદાશ્રી :** ભૂલ થયા વગર કોઈને દુઃખ અપાય જ નહીં ને આપણી ભૂલ થાય તો કો'કને દુઃખ થાય.

**પ્રશ્નકર્તા :** મને તો એમની પ્રકૃતિ જ એવી છે એવું લાગ્યા કરે.

**દાદાશ્રી :** આ બધા લોક સારી પ્રકૃતિ કહે છે ને તું એકલી (ખરાબ) કહું, એટલે તારી સાથે એવો ઋણાનુબંધ છે, હિસાબ છે.

**પ્રશ્નકર્તા :** એટલે એમ થાય કે એમને કચકચ કરવાની ટેવ જ પડી ગઈ છે.

**દાદાશ્રી :** હા, તો એથી કરીને એ તારી ભૂલ છે એમાં, ભૂલ તારી છે. એટલે મા-બાપને કેમ દુઃખ થયું, એનું પ્રતિક્રમણ કરવું જોઈએ. દુઃખ તો ના થવું જોઈએ, 'સુખ આપવા આવી છું' એવું મનમાં હોવું જોઈએ. 'મારી એવી શી ભૂલ થઈ' કે મા-બાપને દુઃખ થયું.

### બધા હિસાબ ચૂકવી મુક્ત થાઓ

પહેલાંની થયેલી ભૂલોનો હિસાબ ચૂકતે કરી નાખે, નવી ભૂલ થવા ના દે, એવું આપણું વિજ્ઞાન છે. આ બાવા કરવાનો માર્ગ નથી, આ તો ઋણાનુબંધ પતાવવાનો માર્ગ છે. ઋણાનુબંધ પતાવ્યા વગર

દોડધામ કરીને બાવો થઈ જાય, એમાં કંઈ દહાડો વળે નહીં. એટલે ૠણાનુબંધ પતાવવાનાં. આ તો કરેલાંના ફળ ભોગવવાનાં છે. જે આપણે કર્યું હોયને, તેના ફળ ભોગવવાનાં છે. જેની ગાળો ખાવાની હોય તેની ગાળ ખાવાનું, જેનો માર ખાવાનો હોય તેનો માર ખાવાનો, જેની સેવા કરવાની હોય તેની સેવા કરે, પણ હિસાબ બધાં ચૂકવવાં પડે. ચોપડામાં ચિતરેલું છે તે ચોખ્ખું તો કરવું પડે ને !

### અંડરહેન્ડ પણ ઉપકારી થાય

તમારે ત્યાં કોઈ નોકરી કરતું હોય તો તેને ક્યારેય પણ તરછોડશો નહીં, છંછેડશો નહીં, બધાને માનભેર રાખજો. કોઈક માણસથી આપણને શુંય લાભ થઈ જાય ! આજે તમને આમના થકી ઘણો લાભ થઈ ગયો. મારી જોડે પરિચય થયો ને, એ જ ઘણો લાભ થઈ ગયો. આને અપૂર્વ લાભ કહેવાય છે, કોઈ કાળે સાંભળ્યો ના હોય એવો લાભ કહેવાય છે. માટે કોઈને છંછેડશો નહીં. ઘર આગળ કૂતરું બેઠું હોય તેને પણ છંછેડશો નહીં. એ કૂતરું કોઈકને ફરી વળે તો પેલો માણસ આપણાં ઘરમાં પેસી જાય અને આપણને સત્સંગ કરાવડાવે. કૂતરું જો જ્ઞાની પુરુષને ફરી વળ્યું એટલે જ્ઞાની પુરુષ આશરો ખોળે ને અને પેલાના ઘરમાં પેસી ગયા ! જો કૂતરું કામ લાગે છે ને !! બધું કામ લાગે એવું છે આ જગતમાં ! બધામાં પરમાત્મા રહેલા છે અને જીવમાત્ર રાત-દહાડો તમારી સેવામાં જ છે, પણ આ સેવા ઉઠાવતાં નથી આવડતું, લાભ લેતાં નથી આવડતું.

જ્યાં જુઓ ત્યાં બોસ, બોસ ને બોસ ! અને તમે પણ પાછાં કોઈકના બોસ. તે બોસ પેલા અંડરહેન્ડને ટૈડકાવી ટૈડકાવીને બિચારાનું તેલ કાઢી નાખે, જંપીને બેસવાય ના દે. એટલે આપણે એટલું સરસ ન્યાયી જીવન જીવવું જોઈએ કે કોઈનેય દુઃખ ના થાય. બોસને દુઃખ ના થાય, અંડરહેન્ડને દુઃખ ના થાય, ઘેર વાઈફને દુઃખ ના થાય, છોકરાંને દુઃખ ના થાય, એવું જીવન જીવવા માટે આપણે (આ વ્યક્તિરૂપી) 'મશીનરી'ને જ્ઞાની પુરુષ પાસે 'ઓવરહૉલ' કરાવવી (સમારવી) પડે. ઓવરહૉલ કરાવવાનું ટેન્ડર લાવ્યા છો ?

**પ્રશ્નકર્તા :** આપની વાણીમાં પણ કોન્ટ્રાક્ટરની ભાષા નીકળે છે.

**દાદાશ્રી :** હા. એવી જ નીકળે ! અમે કોન્ટ્રાક્ટરને, એટલે આ ટેન્ડરો ને એ બધું જાણીએ.

### સેવા - કુસેવા, પ્રાકૃત સ્વભાવ

આ તમે જે સેવા કરો છો એ પ્રકૃતિ સ્વભાવ છે અને એક માણસ કુસેવા કરે છે તે પણ પ્રકૃતિ સ્વભાવ છે. આમાં આપનો પુરુષાર્થ નથી ને પેલાનોય પુરુષાર્થ નથી, પણ મનથી એમ માને છે કે 'હું કરું છું'. હવે 'હું કરું છું' એ જ ભ્રાંતિ છે. અહીં 'આ' જ્ઞાન આપ્યા પછી પણ તમે સેવા કરવાના તો છો જ, કારણ કે પ્રકૃતિ એવી લાવ્યા છો પણ એ સેવા પછી શુદ્ધ સેવા થશે. આ જ્ઞાન પછી સામા માણસને ગમે તે થાય, પણ તમને દુઃખ થાય નહીં ને એનું દુઃખ દૂર થાય, પછી તમને કરુણા ભાવ રહેશે.

### ...કલ્યાણની શ્રેણીઓ જ ભિન્ન

સમાજસેવા તો જેણે ભેખ લીધી છે, એટલે ઘરમાં બહુ ધ્યાન નથી આપતો ને બહારના જ લોકોની સેવામાં એ પડેલો છે, એ સમાજસેવા કહેવાય; અને આ બીજા તો પોતાના આંતરિક ભાવો કહેવાય, એ ભાવો તો પોતાને આવ્યા જ કરે. કોઈની ઉપર દયા આવે, કોઈના પર લાગણીઓ થાય અને આવું બધું તો પોતાની પ્રકૃતિમાં લાવેલો જ હોય, પણ છેવટે આ બધો જ પ્રકૃતિ ધર્મ જ છે. સમાજસેવા એ પણ પ્રકૃતિ ધર્મ છે. એને પ્રકૃતિ સ્વભાવ કહે છે કે આનો સ્વભાવ આવો છે, આનો સ્વભાવ આવો છે. કોઈનો દુઃખ દેવાનો સ્વભાવ હોય છે. કોઈનો સુખ આપવાનો સ્વભાવ હોય છે. આ બેઉના સ્વભાવ એ પ્રકૃતિ

સ્વભાવ કહેવાય, આત્મ સ્વભાવ નહીં. પ્રકૃતિમાં જેવો માલ ભર્યો છે, એવો એનો માલ નીકળે છે.

સમાજકલ્યાણ કરે છે, એ કંઈ જગતનું કલ્યાણ કર્યું ના કહેવાય. એ તો એક સાંસારિક ભાવ છે, એ બધું સમાજકલ્યાણ કહેવાય. એ જેટલું સહુ સહુનાથી બને તેટલું કરે, એ બધી સ્થૂળ ભાષા કહેવાય અને જગત કલ્યાણ કરવું એ તો સૂક્ષ્મ ભાષા, સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ ભાષા છે. ખાલી એવા સૂક્ષ્મતમ ભાવો જ હોય છે કે તેનાં છાંટણાં જ હોય છે.

## ખરી સેવા હૃદયપૂર્વકની

લોકસેવા તો હૃદયની હોવી જોઈએ. હૃદયપૂર્વકનું હોય તો બધે પહોંચે. લોકસેવા અને પ્રખ્યાતિ બે ભેગી થાયને તો માણસને મુશ્કેલીમાં મૂકી દે. ખ્યાતિ વગરની લોકસેવા હોય ત્યારે સાચું. ખ્યાતિ તો થાય જ જાણે કે, પણ ખ્યાતિની ઈચ્છારહિત થાય એવું હોવું જોઈએ.

પરોપકાર એ તો બહુ ઊંચામાં ઊંચી સ્થિતિ છે. આ પરોપકારની લાઈફ, આખા મનુષ્યના જીવનનો ધ્યેય જ એ છે.

આ જગતનો કુદરતી નિયમ શું છે કે તમારા પોતાનાં ફળ બીજાને આપો તો કુદરત તમારું ચલાવી લેશે. આ જ ગુહ્ય સાયન્સ છે. આ પરોક્ષ ધર્મ છે. પછી છેલ્લે પ્રત્યક્ષ ધર્મ આવે, આત્મધર્મ આવે. મનુષ્યજીવનનો હિસાબ આટલો જ છે, અર્ક આટલો જ છે કે મન-વચન-કાયા પારકાં માટે વાપરો.

## આ જગતમાં કોઈનેય દુઃખ ન હો

એટલા માટે અમે બધાને કહીએ છીએ કે ભઈ, સવારના પહોરમાં બહાર નીકળતી વખતે બીજું કશું ના આવડે તો એટલું બોલજો ને કે 'આ જગતમાં કોઈ પણ જીવને કિંચિત્‌માત્ર મન-વચન-કાયાથી દુઃખ ન હો.' એવું પાંચ વખત બોલીને નીકળજે. બીજી જવાબદારી મારી ! જા, બીજું નહીં આવડે તો હું જોઈ લઈશ ! પછી કોઈને દુઃખ થઈ ગયું, એનું હું જોઈ લઈશ પણ આટલું તું બોલજે.

કંઈ ભારે ખરું ? સાચા દિલથી 'દાદા ભગવાન'ને યાદ કરીને બોલો ને, પછી વાંધો શો છે ?

## ન હોજો યાચકપણું જ્ઞાનીની સેવા માટે

કેવા સરસ સુખ ! દાદાની જોડે પાર વગરનાં સુખો ! અહીં આગળ બેસી રહેવાનું ગમે તે ખોઈ નાખે આ બધા !

**પ્રશ્નકર્તા :** દાદા, અમારે કેવું રહે કે આજે મને નવડાવવા મળ્યું હોય તો મને વિચાર આવે કે આવતી કાલે બીજો કોઈ આવશે એટલે મને નહીં મળે.

**દાદાશ્રી :** એ તો બધું ખોટું કહેવાય. 'મને' જુદો પાડો છો એટલે 'તમે' કોણ છો ? આપણે શું લેવાદેવા ? એ ભીખારા હોય તો હાથ ધરે, આપણે કંઈ ભીખારા નથી. હાથ ધરે તો કશું વળે નહીં. એનાં ટાઈમે જ પાકે છે. એટલે અમે ઈચ્છા કરવાની ના કહી છે ને ! લોકો એ જાણતા નથી, એટલે ઈચ્છા થયા કરે. બધાં ટાઈમલી બોમ્બ છે (આપણને જે મળવાનું છે તે એના ટાઈમે મળશે જ) ! આપણે (માંગણીવેડાથી કશું) ના કહીએ તોય આપણે જે જોઈતું હોય (જેના ભાવ હોય) તે (એના ટાઈમે) સામું આવે.

આવું ભિખારીપણું ! તે આ બધાં સુખ ખોઈ નાખે ! માટે વર્તમાનમાં રહો ને !

**પ્રશ્નકર્તા :** જ્ઞાની પુરુષ માટે ભિખારીપણું શું લાગવાનું, દાદા ? આપ્તપુરુષ માટે આવું રાખીએ ?

**દાદાશ્રી :** એ ભિખારીપણું જ કહેવાય. તે જ્ઞાની પુરુષ પાસે કે ગમે તેની પાસે ભિખારી જ કહેવાય. આપણું આ સુખ, જે ચાલુ (વર્તમાનનું)

સુખ વર્તતું હોય તે ખોઈ નાખીએ.

કોઈપણ જાતની ઈચ્છા રાખવી નહીં. ઈચ્છા એ તો પ્રગટ અગ્નિ છે. ઈચ્છા થાય તો કાઢી નાખવી.

જ્ઞાની પુરુષની શી સેવા કરવાની ? અને તે સેવા એમને જોઈએ છે જ ક્યાં ?!

**પ્રશ્નકર્તા :** પણ પોતાનાં માટે કરવાનું છે ને ! તમારે સેવા નથી જોઈતી પણ...

**દાદાશ્રી :** ના, પણ એ અર્થ જ નહીં ને ! એ તો ગાંડપણ છે એક, મેડનેસ ! સેવા તો એમની કૃપાદૃષ્ટિ મેળવવી એ સેવા કહેવાય. કૃપા પ્રાપ્ત કરવી. એ કૃપા ક્યારે પ્રાપ્ત થાય ? અમારી આજ્ઞામાં રહો ત્યારે.

**પ્રશ્નકર્તા :** અમારે દાદાની સેવા બાબતમાં એવું એમ થોડું રહે !

**દાદાશ્રી :** સેવાની ભૂખ રહેવી ના જોઈએ. જે સેવા પ્રાપ્ત થઈ એ જ આપણી સેવા, જેમાં સો ટકા સુખ પડે. ઈચ્છા થઈ એટલે પછી એ અગ્નિ થાશે. એ તો ભયંકર રોગ કહેવાય. શેની ઈચ્છા ? તે ભીખારા મૂઆ છે, તે કોઈની ભીખ માંગીએ ?

**પ્રશ્નકર્તા :** દાદા, અમારી ઉંમરે આપને જ્ઞાની મળ્યા હોય તો ?

**દાદાશ્રી :** અરે, બળ્યું તારી ઉંમરે મને મળ્યા હોત તો તો હું કામ કાઢી નાખત.

**પ્રશ્નકર્તા :** તો આપને ઈચ્છા ના થાત, એમની સેવા કરવાની ?

**દાદાશ્રી :** ના થાય, મને જરાય ના થાય. મને તો આવું શીખવાડે એટલે તો હું તો બહુ ખુશ થઈ જઉં.

**પ્રશ્નકર્તા :** તો એમની સેવા કરવાની ઈચ્છા ના થાય ?

**દાદાશ્રી :** ના, ના, સેવા કરવાની શી ઈચ્છા છે આપણે ? એ કહે કે 'હા, ચાલો' તો ઠીક છે ને એ કહે, 'નહીં' તો આપણે બેસી જવાનું. આપણે શી ભાંજગડ ?

**પ્રશ્નકર્તા :** દાદા, અત્યારે આપને તીર્થંકર ભગવાનની માટે કંઈ ઈચ્છા ના થાય ?

**દાદાશ્રી :** ના થાય. ઈચ્છા એ તો પ્રગટ અગ્નિ, થતી હશે ?

**પ્રશ્નકર્તા :** સેવાની ભાવના રાખવી, પ્રાપ્ત થાય તો આનંદ ને ના થાય તો વાંધો નહીં.

**દાદાશ્રી :** હા, ભાવના કરવાની કે આ સેવા મને પ્રાપ્ત થાવ. થઈ તોય સાચી અને ના થઈ તોય. દાદા પાસે જવાની સાચી ભાવના તો રાખવી જોઈએ, નહીં તો જવાય નહીં. ઈચ્છા થઈ કે એ મહીં કંટાળો. સળગ્યું પછી એ ઈચ્છા પૂરી ના થાય ત્યાં સુધી ત્રિવિધ તાપ સળગ્યા જ કરે. એટલે આ પ્રાપ્ત સુખોને આ તાપ ખોઈ નાખે.

## જ્ઞાની પુરુષની સેવાનું ફળ

**પ્રશ્નકર્તા :** હવે જ્ઞાનીની દૃષ્ટિ પડી, એનું ફળ શું ?

**દાદાશ્રી :** એ તો કામ કાઢી નાખે. જ્ઞાની પુરુષની દૃષ્ટિ મળી એટલે મોક્ષ મળે. જ્ઞાની પુરુષની સેવા કરવાથી અભ્યુદય ફળ થાય. આ સેવા જે કરોને, એનું સેવા ફળ કહેવાય. હવે આ સેવાનું ફળ ભૌતિક નહીં, પેલું ફળ મળે. એટલું બધું ઊંચું ફળ મળે કે પોતે સેવક હોય ને, તે પછી સેવ્ય થઈ જાય. આ દુનિયામાં જેટલા સેવ્ય બનેલા, એ સેવકપદમાંથી જ બનેલા. તમે ક્યારે સેવ્ય થશો ? જો તમે સેવક થઈને સેવ્યની સેવા કરશો, તો તમે સેવ્ય થશો.

**પ્રશ્નકર્તા :** આ સેવ્યનો કંઈ લાભ નથી. સેવ્યની જોખમદારી બહુ છે.

**દાદાશ્રી :** એ જેવા તેવા થાય એવું નથી. તમારે એનો અભ્યાસ થાય એવું જ નથી. એટલે તમારે એના કરતાં ના થાય એ જ સારું છે ને !

સેવા કોઈ દહાડો જોખમકારી હોય જ નહીં. સેવાનો આંકડોય ના આવડતો હોય અને સેવા મળી ગઈ એનું કામ કાઢી નાખે. જેને સેવાનો આંકડોય ના આવડતો હોય, એનેય સેવા મળે એ સેવ્યપદ લાવનારું હોય.

**પ્રશ્નકર્તા :** અમુક સ્ટેજ આવ્યા વગર સેવ્યપદમાં જોખમ નહીં ?

**દાદાશ્રી :** કશું જોખમ નહીં. એ મળવું જોઈએ, એ મળ્યું એટલે ચાલ્યું.

**પ્રશ્નકર્તા :** જે સેવા કરે એને માટે નહીં, જે સેવા લે અને તે લાયક ના હોય અને કોઈની સેવા લે તો એને માટે જોખમકારક કે નહીં ? સેવા કરનારને તો કોઈ દહાડો જોખમ છે જ નહીં ને !

**દાદાશ્રી :** ના, પોતે સેવા લીધી હોય તો બહુ જોખમ છે.

**પ્રશ્નકર્તા :** હું એ જ કહેવા માંગું છું કે પોતે લાયક ન થયો હોય.

**દાદાશ્રી :** હા, એટલે બહુ જોખમ છે. એના જેવું જોખમ કોઈ નહીં ! બહુ મોટું જોખમ !

**પ્રશ્નકર્તા :** જ્ઞાની સેવ્ય પદમાં મૂકી દે ?

**દાદાશ્રી :** એ તો એના સ્વભાવથી જ થયા કરે. એના સ્વભાવથી થઈ જાય.

સેવ્યપદમાં મૂકવાનો કોઈને અધિકાર જ નથી ને કશો ? એટલે એની મેળે જ ફળ મળે !

**પ્રશ્નકર્તા :** પણ તો પછી જોખમ ના રહ્યું ને ?

**દાદાશ્રી :** પછી કશું જોખમ હોતું નથી.

જ્ઞાની પુરુષની પાસે જે કંઈ (સેવા) કરવામાં આવે ત્યાં જોખમ નથી. અજ્ઞાની પાસે હોય ત્યાં જોખમ થાય. અહીં તો કોઈ જાતનું જોખમ જ નથી.

## સેવા, જ્ઞાનીની દૃષ્ટિએ

**પ્રશ્નકર્તા :** પણ દાદા, સેવા એ તો કન્ટિન્યુઅસ મળ્યા કરે ને ? સેવાને એ બધું કાયમ મળે ને આમ ?

**દાદાશ્રી :** શું સેવા કરવાની ? આ બે-ચાર વખત દવા આપીએ એને સેવા કહે છે ? શું સેવા ? શેને સેવા કહો છો ? ઘરમાં નોકર રાખે એ ના આપે ? સેવા માટે કંઈ આવડા ઓફીસર રખાતા હશે ?

તું કોને સેવા કહે છે ? આ તમે નવડાવો એટલે અમે નાહીએ. નહીં તો અમે, પેલા નોકરને કહીએ કે તું ડોલ ભરીને મૂકી દે એટલે અમે નાહી લઈએ. આ વળી અમારે શું કરવું છે ? સેવા શું કરવાની ? સેવા તો ક્યારે કે ત્યાં આગળ ઉપદેશ આપવા જવાનું હોય, લોકોનું કલ્યાણ થાય એવું કરવાનું હોય. કેટલાં જણને ઉપદેશ આપી આવ્યો ? લોકોનું કલ્યાણ કરે તેનું નામ અમે સેવા કહીએ. અમારો જે ધ્યેય પૂરો કરે ને એનું નામ સેવા કહીએ. આ નીરુબહેન તમે વાણીનું બધું લખો એને અમે સેવા કહીએ. બે આપ્તવાણીઓ તૈયાર થઈ જાય એટલે એટલી સેવા કરી તમે.

સેવા તો હું ૧૦૦ રૂપિયાની નોટ આપું ને તમે ૧૦૦ રૂપિયાની નોટના છૂટા લઈ આવો તેમાં તમે શું સેવા કરી ? પણ એમાં ભાવના કેવી હતી તે અમે જોઈ લઈએ, બીજું કશું જોયું નથી.

બાકી સેવા તો એનું નામ કે તું કામ કરતો હોય તે મને ખબરેય ના પડે, એને સેવા કહેવાય. મૂંગી સેવા હોય. ખબર પડે, એને સેવા ના કહેવાય.

## આપણે સુખની દુકાન કાઢવી

મારો ધંધો જ એ છે કે સુખની દુકાન કાઢવી.

આપણે દુઃખની દુકાન કાઢવી નહીં. સુખ કી દુકાન, પછી જેને જોઈતું હોય તે સુખ લઈ જાવ અને કોઈક દુઃખ આપવા આવે તો આપણે કહીએ કે ઓહોહો, હજુ બાકી છે મારું, લાવો, લાવો. એટલે દુઃખ આપવા આવે તો લઈ લઈએ. તમારો હિસાબ છે તો આપવા તો આવે ને ? નહીં તો મને તો કોઈ દુઃખ આપવા આવતું નથી. માટે સુખની દુકાન એવી કાઢો કે બસ, બધાને સુખ આપવું. કોઈને દુઃખ આપવું નહીં અને દુઃખ આપનારા તો વેર વાળે છે ને ! એ એમ ને એમ વેર નથી વાળતા, દુઃખનો બદલો લે છે.

### જ્ઞાની, આખા જગતના સેવક

આપણું સેવ્યપદ છૂપું રાખીને સેવકભાવે આપણે કામ કરવું. 'જ્ઞાની પુરુષ' એ તો આખા 'વર્લ્ડ'ના સેવક અને સેવ્ય કહેવાય. આખા જગતની સેવા પણ 'હું' જ કરું છું ને આખા જગતની સેવા પણ 'હું' લઉં છું. આ જો તને સમજાય તો તારું કામ નીકળી જાય તેમ છે !

હું મારું એક જ જાતનું 'પ્રોડક્શન' રાખું છું. 'આખું જગત પરમ શાંતિને પામો ને કેટલાક મોક્ષને પામો !' એનું મને 'બાય પ્રોડક્શન ફ્રી ઓફ કોસ્ટ' નથી મળતું ? મળ્યા જ કરે છે ને !

### નહીં તો કરો 'પોતાની' સેવા

જગતની કંઈ પણ સેવા થતી હોય તો ત્યાં ધર્મ છે. જગતની સેવા ના થાય તો પોતાની સેવા કરો. જે પોતાની સેવા કરે છે એ જગતની સેવા કર્યા કરતાંય વધારે છે. કારણ કે 'પોતાની' સેવા કરનારો કોઈનેય દુઃખ ના દે.

**પ્રશ્નકર્તા :** પણ પોતાની સેવા કરવાનું સૂઝવું જોઈએ ને !

**દાદાશ્રી :** એ સૂઝવું સહેલું નથી.

**પ્રશ્નકર્તા :** પોતાની સેવાનાં લક્ષણો કયાં ?

**દાદાશ્રી :** કોઈને દુઃખ ન દે એ પહેલામાં પહેલું લક્ષણ. એમાં બધી જ ચીજ આવી જાય. એમાં એ અબ્રહ્મચર્યેય ના સેવે. અબ્રહ્મચર્ય સેવવું એટલે કોઈને દુઃખ દીધા બરોબર છે. અગર એમ માનો કે રાજીખુશીથી અબ્રહ્મચર્ય થયું હોય, તો કેટલાં જીવો મરી જાય છે ! માટે એ દુઃખ દીધા બરાબર છે. એટલે એનાથી સેવા જ બંધ થઈ જાય છે. પછી જૂઠું બોલાય નહીં, ચોરી ના કરાય, હિંસા ના કરાય, પૈસા ભેળા ના કરાય. પરિગ્રહ કરે, પૈસા ભેળા કરવા એ હિંસા જ છે. એટલે બીજાને દુઃખ દે છે, આમાં બધું આવી જાય છે.

**પ્રશ્નકર્તા :** પોતાની સેવાનાં બીજાં લક્ષણો કયા કયા ? પોતાની સેવા કરી રહ્યો છે એમ ક્યારે કહેવાય ?

**દાદાશ્રી :** પોતાની સેવા કરનારાને આ જગતના તમામ માણસો દુઃખ દે, પણ એ કોઈનેય દુઃખ ના દે. દુઃખ તો આપે નહીં, પણ એને ખોટા ભાવ પણ ના કરે કે તારું ખરાબ થજો ! 'તારું સારું થજો' એમ કહે.

હા, છતાં સામો બોલે તો વાંધો નહીં. સામો બોલે કે 'તમે નાલાયક છો, બદમાશ છો, તમે દુઃખ દો છો,' એનો આપણે વાંધો નથી. આપણે શું કરીએ છીએ એ જોવાનું છે.

### ભાવ મુજબ પ્રાપ્ત સેવા

**પ્રશ્નકર્તા :** આ જ્ઞાન લીધું હોય પણ સ્વભાવ તો પ્રકૃતિનો બદલાવાનો નહીં જ ને ?

**દાદાશ્રી :** બદલાય ને ! એ ચઢ-ઉતરનાં પરિણામ રહેતાં જ હોય અંદર, એટલે કોઈમાં સહેજ બદલાઈ જાય કે બંધ થઈ જાય એય પ્રકૃતિ. કારણ કે પૂરી થવા આવી હોય અને પેલો જાણે કે મેં પુરુષાર્થ કર્યો.

આ પ્રકૃતિ કંઈ એવી નથી કે આમ જ હોય

છે. 'એને' જેટલી સમજણ પાડે એ પ્રમાણે ચાલે. પ્રકૃતિ મૂળ બંધાયેલી, કડક થઈ ગયેલી. પછી જો બીજી સમજણ પાડેને તો ફરે. પણ મહીં ફરવાના સ્કોપમાં જ ફરે, એથી બહાર ના ફરી શકે. તમે પ્રકૃતિમાં એવું નક્કી કર્યું હોય કે મારે સંત પુરુષોની સેવા કરવી, તો પછી સંત પુરુષ કોઈ પણ આવે, તમે સેવા કરો અને પ્રકૃતિ ફરે. એટલે આવી રીતે નક્કી કરેલું હોય. આ એક-એક પોઈન્ટ ટુ પોઈન્ટ નક્કી નથી કરેલું કે આમ જ હો. એ તો જ્ઞાન પ્રમાણે પ્રકૃતિ રાખવી છે એવું જેણે ગયા અવતારે ભાવ કર્યો હોય, તેને કોઈ આવું જ્ઞાન કહે એ પ્રમાણે પ્રકૃતિ બદલાઈ જાય. એવો ભાવ કરેલો હોય તેને બદલાઈ જાય.

## પ્રકૃતિ ખપે સત્સંગ-સેવાથી

**પ્રશ્નકર્તા :** પ્રકૃતિ દેખાય પણ એ વાળી ના શકાય ?

**દાદાશ્રી :** કોઈ એવો અનુભવ થયેલો ?

**પ્રશ્નકર્તા :** હા, ખરોને, દાદા. નહાવામાં પહેલું દોડવાનું ને, જાત્રામાં વધારે દેખાય.

**દાદાશ્રી :** એ ચડવામાં, ઉતરવામાં, બધાંમાં સ્વાર્થી. એનો એક્કો જુદો જ હોય.

**પ્રશ્નકર્તા :** એની નજર જ ત્યાં હોય, એનું લક્ષ જ ત્યાં હોય.

**દાદાશ્રી :** એ પ્રકૃતિને ભલે હોય, પણ એને ગમે છે માટે. હજુ તો એને ખબર જ નહીં પડી હોય. આ તો મેં સમજણ પાડી ત્યારે. તે દરેક વખતે સમજણ પડવી જોઈએ. આમ ન હોવું જોઈએ. એમ કેમ થાય છે ? તો જે થાય છે એ પ્રકૃતિ. પણ તમને ખબર પડવી જોઈએ કે આમ કેમ થાય, આમ ન થવું જોઈએ હવે.

**પ્રશ્નકર્તા :** તો એ પ્રકૃતિ.

**દાદાશ્રી :** હા. હજુ નહાવાની કેમ ઉતાવળ થાય છે, વહેલું ખઈ લઉં એ કેમ ઉતાવળ થાય છે, એ બધું ભાન રહેવું જોઈએ. ના રહેવું જોઈએ ? તો એ ભાન નહીં રહ્યું, તેની આ ભૂલ થયેલી. એ જે પ્રકૃતિ લાવ્યો છે, એની રીતે આ પ્રકૃતિ ઉકલે છે.

સાડા છએ ઉઠનારો ભઈ, આજ સાડા પાંચમાં કેમ આઘાપાછા થયા કરે છે. ત્યારે જાણવું કે આ સ્વાર્થી છે મૂઓ ! સંડાસ જઈ આવું નહીંતર આ લોકો પેસી જશે. આપણને ખબર પડેને ? હવે સ્વાર્થી છે એનોય વાંધો નથી, પણ તેની જાગૃતિ જોઈએ. આ થાય છે એ ખોટું થાય છે. એની પ્રકૃતિ એવી છે. પ્રકૃતિયે ના દેખાય એવુંય છે બધું. ધીમે ધીમે સત્સંગમાં રહેવાથી સેવાભાવથી આગળ વધશે.

## સેવા, વ્યવસ્થિતને આધીન

**પ્રશ્નકર્તા :** ધાર્યું કરાવવાની માથાકૂટ બુદ્ધિ જ કરતી હોય છે. એથી એને પેલું ધાર્યા પ્રમાણે નથી થતું, માટે ડખો થાય છે.

**દાદાશ્રી :** તારે શી શી બાબતમાં થાય ? ખાવાની બાબતમાં ? સૂઈ જવાની બાબતમાં ?

**પ્રશ્નકર્તા :** સેવા કરવાની બાબતમાં વધારે થાય.

**દાદાશ્રી :** સેવાની બાબતમાં શું ?

**પ્રશ્નકર્તા :** કોઈવાર કોઈ કાઢી મૂકે. કોઈવાર ના આવવા દે, એવું તેવું થાય ત્યારે ડખો થાય મહીં.

**દાદાશ્રી :** કાઢી મૂકે એ તો બહુ ન્યાય કહેવાય. કોઈ કાઢી મૂકે ખરું ? નહીં તો આપણે સવાસો રૂપિયા આપીએ તો કાઢી નાખે ! એવું ઈનામ કોઈ વખત મળે છે ખરું ?

**પ્રશ્નકર્તા :** કોઈવાર મળેને !

**દાદાશ્રી :** એમ ને ! બહુ સારું કહેવાય ! હું તો નોંધ રાખું. બહુ સારું કહેવાય, તને કાઢી મૂકે તો. કોઈનો દોષ નથી.

**પ્રશ્નકર્તા :** પણ પેલું અહીં પેસવું હોય એવો ફોર્સ હોય ત્યારે કાઢી મૂકવાની ઉપાધિ થાય ને ?

**દાદાશ્રી :** હં. ફોર્સને લઈને ! ઊંધો ફોર્સ હોય ત્યારે કાઢી મેલેને ! નહીં તો દુનિયામાં કોઈ કાઢી ના મૂકે. ઊંધો ફોર્સ હોય તો, જ્યાં પોલીસવાળા આંતરતા હોય ત્યાં પેસવા જાય તો પછી મારે ડંડો ! અને કાઢી મૂકે તે વ્યવસ્થિત સમજે તો બહુ આનંદ થાય.

**પ્રશ્નકર્તા :** દાદા, 'વ્યવસ્થિત છે' એવું રહે, કાઢી મૂકે તેનોય દોષ ના દેખાય. પણ પોતાને મહીં થાય કે કેવાં અંતરાય કર્મ લઈને આવ્યા છે તે નીકળી જવું પડે છે ! એટલે એ આધારે પછી પેલું મહીં એ થાય.

**દાદાશ્રી :** પાંચ માણસોને વાત પૂછેને કે આમાં કોનો દોષ ?

જેને કાઢી મૂક્યો છેને એનો જ દોષ. પછી આપણે વાત કરીએ તો મૂર્ખા જ કહેવાઈએ ને ! હક્કનું તો મળ્યા વગર રહે જ નહીં. અણહક્કનું ખોળે તોય ના મળે. માર ખાય તોય ના મળે. એના કરતાં ડાહ્યા જ થઈ જઈએ, તે શું ખોટું ? તું ડાહ્યો થઈ ગયો ને ? ધાર્યું કરાવવાની અપેક્ષા એ તો આપણે ઘેરેય ના થાય. અને તમને તો વળી સેવા જ ક્યાં કરતાં આવડે છે ? તમને આ બધા ટોળામાં, બધા લોકોને સેવા જ કરતાં નથી આવડતી ને ! જ્યારે સેવામાં નવરાશ હોય ત્યારે એ જ કયે ગામ ગયા હોય ! પછી કો'ક પેસી ગયો હોય ત્યારે એને કાઢવાની તૈયારી કરે.

**પ્રશ્નકર્તા :** એટલે તે ઘડીએ 'વ્યવસ્થિત' કહીને કેસ ઊંચો મૂકી દેવાનો ?

**દાદાશ્રી :** નહીં, ઊંચો નહીં મૂકી દેવાનો. વ્યવસ્થિતને ઊંચે મૂકવાની જરૂર જ નહીં. આપણે તો તે ઘડીએ જોઈને આનંદ થવો જોઈએ કે ઓહોહો ! વ્યવસ્થિતથી સેવા આમના તાબામાં આવી ગઈ ! કેવું આવ્યું છે, તેવો આપણને આનંદ થવો જોઈએ, તો હેલ્પ કરે અને આપણા તાબામાંય આવે ! પેલાં બધાં ક્યાંય ખસી ગયાં અને આપણે ભાગે જ સેવા આવી જાય.

## ભક્તિ કરે તે રૂપ થાય

**પ્રશ્નકર્તા :** મારું કેવું હોય છે કે આખો વખત આપની જ સેવામાં હોઉં એટલે આત્મા યાદ ના આવે, આજ્ઞા યાદ ના આવે...

**દાદાશ્રી :** એ તો આ તમારે યાદ ના રહે તો વાંધો નહીં. આ દાદાની સેવા તો ગજબની વસ્તુ કહેવાય. એને આત્મા યાદ રાખવાની જરૂર જ નથી.

**પ્રશ્નકર્તા :** દાદા જ યાદ રહે તે વખતે પછી.

**દાદાશ્રી :** પણ ભક્તિ શેની થાય છે એ જોવાની જરૂર છે. આત્મા યાદ રહે કે ના રહે, એ તો મેં લક્ષ આપેલું છે, એટલે તમને જ્યારે ત્યારે લક્ષ આવીને ઊભું રહેશે, પણ એ છે તે ભક્તિ કોની છે એ જોવાનું. જેની ભક્તિ કરોને, તે રૂપ થયા કરે.

**પ્રશ્નકર્તા :** તો તો બહુ ઊંચું જ છે, દાદા.

**દાદાશ્રી :** હા, તે ઊંચું છે તેથી આ બધાને કહું છુંને કે ભઈ, આ ઊંચું તમને મળી આવ્યું છે. તમારી પુણ્યૈ જાગી છે ! પુણ્યૈ કો'કની જાગેને ? હું સેવા આપું એવો માણસ નથી. સેવા આપું એવો કાચો માણસ, બિલકુલેય નહીં. પગ ભાંગ્યો ને આ નીરુબહેનને સેવા આપવાનું બન્યું. નહીં તો હું આપું નહીં. કોઈનીય સેવા મેં (મારી માટે અંગત) જિંદગીમાં નથી લીધી.

આત્માનો સ્વભાવ જેની ભક્તિ કરેને, તેવો થઈ જાય. તેથી કહુંને, નીરુબેનની પુણ્યૈ બહુ જ મોટી જાગી છે. એવું લોકોને શાથી કહું છું ? નહીં તો કહુંયે નહીંને, લોકોને !

**પ્રશ્નકર્તા :** દાદા, મનેય એ પુણ્યૈ આજે વધારે સમજાઈ !

**દાદાશ્રી :** તને સમજાય છે, જોખમ શેમાં છે ને જોખમ શેમાં નથી એવું ? શેની ભક્તિ કરી તેથી આ અજવાળું થઈ ગયું ? જેવો ચિંતવેને તેવો આત્મા થઈ જાય. આત્માનું મૂળ લક્ષણ એ કે જેવું ચિંતવે, જેની ભક્તિ કરે તે રૂપ થાય. તેથી બધાંને કહું છુંને કે જ્ઞાની પાસે પડી રહેવાનું. પણ કેમ જવા દઈએ છીએ ? ફાઈલો છે એટલે ફાઈલોનો નિકાલ તો કરવો જ પડે.

અને 'આમને' જો આમ બીજી જાગૃતિ રહેતી ન હોયને તોય હું ધ્યાન ના આપું, એનું શું કારણ ? કે ખરું કારણ તો સેવાઈ રહ્યું છે. આવું જ્ઞાનીની ભક્તિ-સેવા મળે નહીંને ! આ કારણ જ ના મળે !

'અમે' એટલે સુધી જવાબદારી લઈએ કે કોઈ માણસ, અમને મળવા આવ્યો તો એને 'દર્શન'નો લાભ થવો જ જોઈએ. 'અમારી' કોઈ સેવા કરે તો અમારે માથે એની જવાબદારી આવી પડે અને અમારે એને મોક્ષે લઈ જ જવો પડે.

## આજ્ઞાની સેવા એ જ દાદાની સેવા

**પ્રશ્નકર્તા :** આ જ્ઞાની પુરુષનો એક શબ્દેય નીકળવો એ આજ્ઞા રૂપે જ આખો સ્વીકાર થઈ જવો જોઈએ.

**દાદાશ્રી :** તોય એ આજ્ઞા કરી હોય એ વાત જુદી ! એ આજ્ઞાને શાસ્ત્રકારોએ ચોખ્ખું લખ્યું, આજ્ઞા એ જ ધર્મ અને આજ્ઞા એ જ તપ. એમાં બધું આવી જાય. આજ્ઞામાં નિરંતર રહેવાનો ભાવ થાયને ? અત્યારે તને કહે કે તું અમદાવાદ ચાલ્યો જા, તો ?

**પ્રશ્નકર્તા :** જતો રહું.

**દાદાશ્રી :** તરત ? આજ્ઞા બહુ કામ કરે. જેટલું બને એટલું આજ્ઞામાં રહો તો સારું. એટલે આજ્ઞાની જ કિંમત છે. આજ આજ્ઞા મળી હોય તે આખો દહાડો આનંદ રહે, પછી ભલેને અહીંથી કાઢી મેલ્યો હોય પણ એવી આજ્ઞા મળીને ! એની બહુ ખુમારી રહે.

**પ્રશ્નકર્તા :** એ પછી એનું ફળ શું આવે, દાદા ? ઉલ્લાસમય આજ્ઞા પાળે, એનું પરિણામ શું મળે ?

**દાદાશ્રી :** એ જ મોક્ષને !

**પ્રશ્નકર્તા :** અને ઉલ્લાસમય ના પાળે અને ના છૂટકે પાળે તો એનું શું ફળ આવે ?

**દાદાશ્રી :** ના છૂટકે પાળે એનો અર્થ જ નહીંને ! એ તો ભેંસને બાંધીને દવાખાને લઈ જાય અને પાછળ મારે, એના જેવું. જ્ઞાની પુરુષની આજ્ઞા તો ક્યાંથી મળે ? લોક આજ્ઞા સારુ તો મારી પાસે બેસી રહ્યા હોય છે. કંઈક આજ્ઞા કરો.

દાદાની સેવા કરવી એટલે આજ્ઞાની સેવા કરવી તે ! આજ્ઞાની સેવા કરવી અને દાદાની સેવા કરવી એક જ.

**પ્રશ્નકર્તા :** સેવા કરતાં આજ્ઞા ચઢી જાય ?

**દાદાશ્રી :** આજ્ઞા ચઢી જાય. આજ્ઞાની સેવા એ જ આ દાદાની સેવા. બીજું બધું તો ફાંફાં.

## કામ કાઢી લેવું હવે

**પ્રશ્નકર્તા :** આજ્ઞા પાલન કરનાર મહાત્માથી કોઈ પરોપકાર થઈ જતો હોય તો તેનું શું ?

**દાદાશ્રી :** પરોપકાર થઈ જતો હોય અને પર-અપકાર થઈ જતો હોય તોય તેનો નિકાલ થઈ ગયો. જે નિકાલી બાબત હોય, એને સંભારવાની જ ના હોય ને ! પર-ઉપકાર કર્યો કે પર-અપકાર કર્યો એ બધું ડિસ્ચાર્જ ! જ્ઞાન ના હોય તો પારકાં ઉપર ઉપકાર કરવો, પરોપકાર કરવો એ તો પુણ્યને માટે છે. પણ

જ્ઞાન લીધા પછી કોઈને કંઈ પણ અપકાર કરવો ને કો'કને પરોપકાર કરવો બેય સામસામી શબ્દો છે. એને ને આજ્ઞા પાળવા જોડે લેવાદેવા નથી. આજ્ઞા પાળવાની જોડે તો કોઈ વસ્તુ અડે (તોલે આવે) નહીં. આખા શાસ્ત્રમાં કોઈ વસ્તુ એવી નથી કે જે આજ્ઞાની જોડે અડે. પણ આજ્ઞા આપનાર એક્ઝેક્ટ હોવો જોઈએ.

બસ હવે કામ કાઢી લેવાનું છે. પછી ભલે આપણું મન જાડું હોય તો આપણે વધારે બેસી રહેવું. પણ ઉકેલ લાવોને ! કળિયુગનો માલ છેને, તે બહુ માલ ભરેલો હોય. આપણે તો આ જ્ઞાન પામ્યા તે જ મોટી પુણ્યૈ કહેવાય, જબરજસ્ત પુણ્યૈ કહેવાય.

## શાને કાજે સેવા તન-મન-ધનથી ?

કૃપાળુદેવે કહ્યું કે જ્ઞાની પુરુષની તન, મન, ધનથી સેવા કર્યા વગર મોક્ષ નથી. હવે જ્ઞાની પુરુષને ધન શું કરવું છે ?

**પ્રશ્નકર્તા :** જ્ઞાની પુરુષને ને ધનને કંઈ કનેક્શન જ નથી લાગતું.

**દાદાશ્રી :** ત્યારે તનની સેવા એમને શું કરવી છે ?

**પ્રશ્નકર્તા :** તનથી તો એ નોખા છે. આ તો સામાના ભલા માટે છે.

**દાદાશ્રી :** તમારા પોતાના માટે કરવાનું છે. ધનને શું કરશો ? લોભની ગાંઠ તમારી તૂટે એટલે જ્ઞાની કહે એ સારી જગ્યાએ પૈસા નાખો, એટલે આવતે ભવ તમને કામ લાગશે અને અત્યારે લોભની ગાંઠ છૂટે. સારી જગ્યાએ નાખો એટલે આવતા ભવનો એ ઓવરડ્રાફ્ટ નહીં ? કે વાપરી ખાઈએ તે ઓવરડ્રાફ્ટ ? આપણે મોજમઝામાં વાપરી ખાઈએ તે ઓવરડ્રાફ્ટ ગણાય ? ત્યારે એ રેસમાં નાખી આવે તે ઓવરડ્રાફ્ટ નહીં ?

**પ્રશ્નકર્તા :** એ ઊંધો ઓવરડ્રાફ્ટ થઈ ગયો.

**દાદાશ્રી :** એ બધું ગટરમાં ગયું. તમે જેટલું વાપરશો એ બધું ગટરમાં. માટે ભગવાને આ પ્રમાણે કહ્યું કે સારી જગ્યાએ નખાવડાવ ! એટલે લોભની ગાંઠ તૂટી જશે. પછી ચિત્ત એમાં ને એમાં રહે. પછી 'આપણું' ગાડું ચાલ્યા કરશે. હરકત આવે નહીં અને જેણે કોઈ પણ સારી જગ્યાએ પૈસા નાખ્યા, એને દુઃખ આવે જ કેમ કરીને ? દુઃખ એને માટે રાહ ના જોતું હોય. કોના માટે રાહ જુએ ? જે પોતાના હારુ વાપરે છે, તેને માટે દુઃખ રાહ જુએ છે.

## સેવા, જીવતા-જાગતા દેવની

**પ્રશ્નકર્તા :** આપે કહેલું ને કે જે જ્ઞાનીની સેવા કરે છે તેની સેવા કરો એ જ્ઞાનીની સેવા કર્યા બરોબર છે અને મહાત્માઓની સેવા કરો એ જ્ઞાનીની સેવા કર્યા બરોબર છે ?

**દાદાશ્રી :** હા, બધી ભૂલો ભાંગવા સ્વ-પુરુષાર્થ કરવો પડશે અથવા તો મહાત્માઓની સેવા કરવી એવો યજ્ઞ માંડવો પડશે.

બને તો આપણા મહાત્માઓ પાછળ ખૂબ જ ખર્ચો કરવો, કસર જ નહીં કરવાની. કારણ કે બીજા જાગતા દેવ હોતા નથી. જાગતા દેવ તો આ જ છે. ફરી આવો ચાન્સ ના મળે. અને આમાંય જો કદી આપ્તપુત્રોનું થાય, તો ઓર પાછું. કારણ કે જેને કશું લેવાય નહીં ને દેવાય નહીં. એટલે આ મહાત્માઓની સેવા થાય ને એ ઘણું ઉત્તમ કહેવાય.

આ સત્સંગ ભરાય છે, ઘેર-ઘેર બધા જમાડો છો, તો તે દા'ડે કેટલો આનંદ થાય ?

**પ્રશ્નકર્તા :** બહુ સરસ, જબરદસ્ત.

**દાદાશ્રી :** એવો આમને કેટલો આનંદ થયો હશે ! રોજ જલેબી બનાવવાની અને ફલાણું બનાવવાનું, ફરી ફરી આવો તાલ મળે નહીં.

**પ્રશ્નકર્તા :** પણ એક ખટકો રહી જાય છે કે માણસ જોઈએ એટલું આવતું નથી, દાદા. આ બધી બહેનો હેલ્પ કરે ને આપણે ખવડાવીએ. પણ ખટકો એ રહી જાય કે પબ્લિક જાગતું નથી.

**દાદાશ્રી :** બરોબર છે. સંજોગ કેવાં મળી આવે છે ત્યારે ! કરી આપનારાય મળી આવે !

કારણ કે બીજા જાગતા દેવ કોઈ જગ્યાએ દેખાતા નથી. જીવતા જાગતા દેવ આટલા જ છે કે જેને મારું તારું કશું રહ્યું નથી હવે.

**પ્રશ્નકર્તા :** અહીં મહાત્માઓ, બધા મહાત્માઓને સરસ સાચવે.

**દાદાશ્રી :** એટલે જ કહું છું ને, ઇન્ડિયામાંય લોકોને કહી દીધેલું, લોકો બધા સેવા કર કર કર્યા કરે. આપણે જે મળ્યું એ. ઓછું હોય તો ઓછું પણ જમાડો. કો'ક ચા પાઓ છેવટે. ચા ના થાય તો પાપડ ખવડાવી દો.

આ તો દેખાતા દેવ ને જલેબી ખાતા હોય પાછા. ચાર ચકતા ખઇ ગયાં હોય અને બીજા બે મૂકીએ તો ખાય, એવા દેવ.

**પ્રશ્નકર્તા :** અને ખવડાવે હઉં આપણને. પોતે લઇને આપણને હઉ ખવડાવી દે.

**દાદાશ્રી :** હા, ખવડાવી દે.

**પ્રશ્નકર્તા :** દાદા, મહાત્માને જમાડવાની તો ભાવના મારામાં પહેલેથી છે, પણ આજે આપે બહુ સરસ ઉઘાડ કર્યો, કે જાગતા દેવ છે.

**દાદાશ્રી :** જાગતા દેવ, સાચા દેવ. જેને કશું જોઇતું નથી એ દેવ કહેવાય બધા.

**પ્રશ્નકર્તા :** તો પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ, દરેક મહાત્માનો જો, ભૂતકાળમાં જે દોષ થયો હોય અથવા વેરો આંતરો થયો હોય...

**દાદાશ્રી :** ના, ના. આપણે ત્યાં તો કાયદો છે ને, વેરો આંતરો જે જુએ ને, એ મહાત્મા જ ન હોય. દેખીતો આમ દેખાય છતાં પણ વેરો આંતરા તરીકે તો જોવાનું હોય જ નહીં. વેરો આંતરો તો ત્યાં જોવાનું હતું, આપણે પેલી મિથ્યાદૃષ્ટિ હતી ત્યારે. અત્યારે તો આપણને જે પ્રાપ્ત મળ્યું એ કરેક્ટ, એ જ વ્યવસ્થિત. પાપડ આપ્યો તોય શું અને ના આપ્યો તોય શું ? દાદા હારુ જલેબી બનાવી અને મહીં કોઇને બે ચકતા આપ્યા તોય શું અને ના આપ્યા તોય શું ?

**પ્રશ્નકર્તા :** અમારે ત્યાં તો મેં કોઇ વસ્તુ દાદા માટે, એકલા માટે બનાવી જ નથી.

**દાદાશ્રી :** બરોબર છે.

**પ્રશ્નકર્તા :** બધું જ જલેબી-મીઠાઇઓ બધા જ માટે બનાવવાની.

**દાદાશ્રી :** બનાવો તોય વાંધો નહીં, ના બનાવો તોય વાંધો નહીં.

**પ્રશ્નકર્તા :** દાદા, અમુક મહાત્માના ઘરમાં એવું થતું જ નથી...

**દાદાશ્રી :** ના, ના થતું હોય, એવું, એવું રોફ ના મારવો. રોફ મારવામાં કો'ક દહાડો રોફ ઉડાડી દેશે પાછા. એના કરતાં જે બન્યું એ કરેક્ટ પણ આપણે બનતાં સુધી ના થાય તો સારું આવું, અને થાય તો વાંધો નહીં.

**પ્રશ્નકર્તા :** આપણે હવે બધું મહાત્મા માટે કરવાનું. હવે તો કરકસર નહીં કરીએ, આપે 'જાગતા દેવ' કીધા મહાત્માઓને. પણ અમારાથી કોઇવાર મહાત્મા-મહાત્માની કશી નેગેટિવ વાતો થઈ જાય, એ બધાની હવે માફી માંગી લઇએ.

**દાદાશ્રી :** એ તો યાદ કરીને આપણે માફી માંગી લેવાની. જ્યાં સુધી હજુ કાગળ પોસ્ટમાં નાખ્યો નથી, ત્યાં સુધી કાગળમાં છેકો મારી શકાય. એનો

એ જ જન્મ છે ત્યાં સુધી બધું ચોખ્ખું કરી શકાય. જન્મ બદલાય તો (ફેરફાર કરવાનું) બધું ઊડી જાય.

### વ્યવસ્થિત સમજે પ્રગટે સહજતા

અને પોતાને ખબર પડે કે આ ભૂલ ખાધી જરા, એટલે સહજ થવું છે એવો ભાવ રાખવો. આપણે દૃષ્ટિ કેવી રાખવાની ? સહજ. વખતે શું બને છે એ જોવું. અને ધ્યેય કેવો રાખવો કે દાદાજીની સેવા કરવી છે અને ભાવ સહજ રાખવો. દાદાની સેવા મળવી એ તો બહુ મોટી વસ્તુ છેને ! એ તો બહુ મોટી પુણ્યૈ હોય તો મળે, નહીં તો મળે નહીંને ! આમ હાથ જ ના અડાડાયને ! એક ફેરો આમ હાથ અડાડવું તેય બહુ મોટું પુણ્યૈ કહેવાય ને ભેગું થાય તો મનમાં માનવું કે ઘણા દહાડે પ્રાપ્ત થયું એટલુંય કંઈ ઓછું છે ! બાકી ગમે તે રસ્તે શુદ્ધ ઉપયોગમાં રહેવું.

**પ્રશ્નકર્તા :** સહજ તો ત્યારે જ થાયને, સંપૂર્ણ વિજ્ઞાન અંદર ખૂલી જાય તો જ સહજ થઈ શકે.

**દાદાશ્રી :** એ 'વ્યવસ્થિત' સંપૂર્ણ સમજાય ત્યારે સંપૂર્ણ સહજ થાય. હવે એ તો એની મેળે થયા જ કરે છે. એની બહુ એ નહીં રાખવાની કે આ મહેમાનોને માટે રાહ જોઈને બેસવાનું નહીં. રાહ જોઈએ તેનો પાર જ ના આવે. પણ વ્યવસ્થિત સમજાય કે તરત સહજ થઈ જાય.

### કેમ રે વિસરાય, જ્ઞાનીની કરુણા !

**પ્રશ્નકર્તા :** દાદા, તમે જ્ઞાનીની નિશાનીઓ બતાવતાંને, તેમાંની એક આ નિશાની છે કે તારાં ગમે તે પ્રશ્ન હોય, તે પ્રશ્નનાં દરેકનાં જવાબ આપવા એને બદલે તને એવી જ વસ્તુ દેખાડી દઉં કે તું તારા પ્રશ્નોનું તું સમાધાન કરી લે.

**દાદાશ્રી :** તારા પ્રશ્નો તું સોલ્યુશન કરી લે. હું ક્યાં માથાકૂટો કરું ? અને હજુ તો પચાસ હજાર માણસો આવશે, લાખ માણસ આવે, શું કહેવાય કાલે પાછું ? હું ભાંજગડમાં ક્યાં પડું ? મારો હેતુ શો છે કે જે સુખ પામ્યો છું તે સુખ તમે પામો. મારો હેતુ પૂરો થઈ ગયો. બસ થઈ ગયું ! કેટલાંય માણસો કહે છે, 'દાદાજી, અમારાથી છ-છ મહિના સુધી નથી અવાતું.' મેં કહ્યું, 'તમને આનંદ રહે છે ને ?' ત્યારે કહે, 'અમારી પૂર્ણાહૂતિ લાગે છે. દાદા મને હાજર રહે છે.' તે બહુ થઈ ગયું, પછી અમારે કંઈ અહીં આવો કે જાવ એવુંય નથી આ. જેનું અવલંબન લીધું હોય, ત્યાં એમને આપણી પાસેથી કંઈ જોઈતું હોય ત્યારે આપણને ભાંજગડ થાય. અહીં અમારે તો કોઈની પાસેથી કંઈ જોઈતું જ નથી.

**પ્રશ્નકર્તા :** એટલે પેલું કહે છે ને, લેશમાત્ર પણ જેને ઈચ્છા ન હોય.

**દાદાશ્રી :** હા, લેશમાત્ર, કોઈ પણ પ્રકારની ઈચ્છા નહીં. જ્યાં ભગવાન પાસે ઈચ્છા નથી રાખી, તમારી પાસે શી રીતે રાખું ? આ તો ઘણું પામ્યા છે. આવું તો કોઈ બાવો પામેલો નહીં એવું પામ્યા છે. હવે એનો અસંતોષ ન રાખતા.

જ્ઞાન બધું આપી દીધેલું છે. આગળ તો, એક ફક્ત મારી સ્થિતિને લઈને જ હું આગળ રહી શક્યો છું. આગળ તમારા કરતાં તરતો જ હોઉં. એટલે તમને એ લાભ થાય છે જોડે રહેવાથી. બાકી બીજાં બધાં જે ગુપ્ત રાખી મેલતાં થોડું ઘણું એ તો બહુ ગોટાળિયું છે. એવું ના હોવું જોઈએ. કારણ કે પેલો જે હોય તે આપી દે. ભલેને પછી એ આપણી પાસે ના આવે. આપણે કંઈ એની પાસે આ સેવા માટે નથી આપ્યું આ, એનાં ઉદ્ધાર માટે આપ્યું છે. અને મારે સેવા જોઈતી નથી. મારો તો ઉદ્ધાર થઈ ગયેલો છે, બધું થઈ ગયું છે, મારે શેના માટે સેવા જોઈએ ? એટલે બધું પૂર્ણ જ આપી દઈએ છીએ, જેને હોય તેને.

**- જય સચ્ચિદાનંદ**

## પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં સત્સંગ કાર્યક્રમો

### મુંબઈ

તા. ૪-૫ ઓક્ટોબર (ગુરૂ-શુક્ર), સાંજે ૬-૩૦ થી ૯ - **પ્રશ્નોત્તરી સત્સંગ**

તા. ૬ ઓક્ટોબર (શનિ) સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**

સ્થળ : એસ.વી.પી. હાઈસ્કૂલ ગ્રાઉન્ડ, શાંતિલાલ મોદી રોડ, કાંદીવલી (વેસ્ટ)

**ફોન :** (૦૨૨) ૨૪૧૧૩૮૭૫, ૯૩૨૨૨૮૯૭૪૮, ૯૩૨૦૦૧૮૮૧૦

### ભૂજ

તા. ૨૬-૨૭-૨૯ ઓક્ટોબર (શુક્ર-શનિ-સોમ), સાંજે ૬-૩૦ થી ૯ - પ્રશ્નોત્તરી સત્સંગ

તા. ૨૮ ઓક્ટોબર (રવિ) સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**

તા. ૨૭ ઓક્ટોબર સવારે... **ભૂજમાં નિષ્પક્ષપાતી ત્રિમંદિરનું ખાતમુહૂર્ત**

તા. ૩૦ ઓક્ટોબર - **આશાપુરા માતાજી (માતાનો મઢ)ની જાત્રા**

સ્થળ : શ્રી રસિકભાઈ કટીરા પાર્ટી પ્લોટ, વી.ડી. હાઈસ્કુલ પાસે, લોહાણા સમાજવાડી પાસે.

નોંધ : ખાતમુહૂર્ત તથા જાત્રાની જાણકારી માટે ફોન : ૦૨૮૩૨-૨૩૧૬૩૬ પર સંપર્ક કરવો.

### રાજકોટ

તા. ૧-૨-૩ નવેમ્બર (ગુરુ-શુક્ર-શનિ), સાંજે ૭-૩૦ થી ૧૦ - પ્રશ્નોત્તરી સત્સંગ

તા. ૪ નવેમ્બર (રવિ) સાંજે ૬-૩૦ થી ૧૦ - **જ્ઞાનવિધિ**

સ્થળ : રેસકોર્સ ગ્રાઉન્ડ, ફન વર્લ્ડની બાજુમાં. **ફોન :** ૯૮૨૪૦૬૫૬૨૯, ૯૮૯૮૬૫૬૫૧૯

### અડાલજ ત્રિમંદિર

**જ્ઞાનવિધિ** (આત્મસાક્ષાત્કાર પામવાનો ભેદજ્ઞાનનો પ્રયોગ) - તા.૨૧ ઓક્ટોબર (રવિ) બપોરે ૩-૩૦ થી ૭

**દિવાળી નિમિત્તે :** તા. ૯ નવેમ્બર (શુક્ર) રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ - વિશેષ ભક્તિ

**નૂતન વર્ષ નિમિત્તે :** તા. ૧૦ નવેમ્બર (શનિ) સવારે ૭ થી ૮ (પ્રક્ષાલ-પૂજા) તથા સવારે ૯ થી ૧૨ (દર્શન)

**સ્થળ :** ત્રિમંદિર, સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઈવે, અડાલજ. ફોન :(૦૭૯) ૩૯૮૩૦૧૦૦

---

**For All International Mahatmas**

## Live Teleconference Satsang with Pujya Deepakbhai

**Time : Every Wednesday Morning 8 am to 9 am (Indian Time)**

**Date : 3, 10, 17, 24, 31 October & 7 November 2007**

**To join pl. dial (USA) 1-(218) 486-1300. When they ask to enter the code, enter 519048 for Gujarati Satsang, enter 873277 for live English Translation.**

**Note :** Satsang in English will be held on first Wednesday of every month. If there is no questions in english, satsang will be continue in Gujarati.

- If you have a question press 5 * to unmute and after asking question please press 5 * again to mute, so that others mahatmas may have chance to ask a question.

ઉજવીએ દાદા ભગવાનની ૧૦૦મી જન્મજયંતી...
વધાવીએ અવસરને ઉમંગથી, મળે ઝાંખી પૂર્ણ પૂનમની...
ન ભૂતો ન ભવિષ્યતિ, આ અનુપમ મૂર્તિ...

**આ ભવ્ય મહોત્સવમાં પધારવા આપ સહુને હાર્દિક આમંત્રણ**

# પરમ પૂજ્ય દાદા ભગવાનનો જન્મશતાબ્દી મહોત્સવ

**અક્રમ વિજ્ઞાની પરમ પૂજ્ય દાદા ભગવાન તથા પૂજ્ય નીરુમાની સૂક્ષ્મ હાજરીમાં તથા**
**આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈ દેસાઈના સાંનિધ્યમાં**

## તા. ૧૭ નવેમ્બર થી ૨૫ નવેમ્બર ૨૦૦૭

✦ **મહોત્સવ શુભારંભ** : તા. ૧૭ નવેમ્બર સાંજે ૫-૩૦ વાગે...

✦ સાંસ્કૃતિક કાર્યક્રમો-ભક્તિ-પ્રદર્શન : ૧૭ થી ૨૫ નવેમ્બર

✦ **આધ્યાત્મિક જ્ઞાનશિબિર** -

તા. ૨૧ થી ૨૫ નવેમ્બર, સવારે સવારે ૯-૩૦ થી ૧૧-૩૦ અને સાંજે ૫ થી ૭
તા. ૧૮ થી ૨૦ નવેમ્બર, સાંજે ૬ થી ૭ - દરરોજ સાંજે ૧ કલાક સત્સંગ રહેશે.

✦ **જન્મજયંતી - તા. ૨૩ નવેમ્બર સવારે ૯ થી.... પૂજન-દર્શન-ભાવના-ભક્તિ**

✦ જ્ઞાનવિધિ (આત્મસાક્ષાત્કાર પામવાનો ભેદજ્ઞાનનો પ્રયોગ) - ૨૪ નવેમ્બર બપોરે ૩-૩૦ થી ૭

**સ્થળ :** ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઈવે, અડાલજ. ફોન :(૦૭૯) ૩૯૮૩૦ ૧૦૦-૪૦૦

બહારગામથી આવનાર મહાત્મા-મુમુક્ષુઓને વ્યવસ્થા માટે ખાસ સૂચનાઓ

(૧) બહારગામથી આવનાર મહાત્માઓએ પોતાના ગામ/શહેરના સત્સંગ સેન્ટરમાં તથા જ્યાં સત્સંગ સેન્ટર નથી, તેમણે અડાલજ ત્રિમંદિર (ફોન-(૦૭૯)૩૯૮૩૦૪૦૦) પર તા. ૩૧ ઓક્ટોબર ૨૦૦૭ સુધીમાં અવશ્ય રજીસ્ટ્રેશન કરાવવું. આવનાર ભાઈઓ-બહેનોની સંખ્યા અલગ અલગ લખવી. આપના ઉતારાની વ્યવસ્થા આપની મેળે કરવાના છો કે અહીંના વ્યવસ્થાપકોએ કરવાની છે તે ખાસ જણાવશો.

(૨) મહોત્સવમાં ભાઈઓ-બહેનો માટે અલગ ઉતારાની વ્યવસ્થા હોવાથી સામાન જુદો લાવવો.

(૩) ઓઢવા-પાથરવાની ચાદર, એર પીલો (ઓશીકું), તાળું-ચાવી, સ્વેટર-શાલ, જરૂરી દવાઓ સાથે લેતાં આવવું.

(૪) કોઈ પણ પ્રકારનો બિનજરૂરી કિંમતી સામાન-દાગીના સાથે લાવવા નહીં.

**નોંધ :** ત્રિમંદિર પહોંચવા અમદાવાદ રેલ્વે સ્ટેશનથી સીટી બસ (૮૯/૩) તથા પ્રાઈવેટ ટેક્સી/રિક્ષા મળે છે. અમદાવાદ બસ ડીપોથી મહેસાણા-કલોલ-કડી તરફ જતી લોકલ બસ તથા ઈન્કમટેક્સ એરિયાથી પ્રાઈવેટ વાહનો મળે છે. અમદાવાદ એરપોર્ટથી પ્રાઈવેટ તથા એરપોર્ટની પ્રીપેડ ટેક્સી સેવા ઉપલબ્ધ હોય છે.

## પરમ પૂજ્ય દાદા ભગવાનના જીવનચરિત્ર અને આત્મવિજ્ઞાન પર અદ્‌ભૂત ડોક્યુમેન્ટરી ફિલ્મ

'વિજ્ઞાન, શાશ્વત સુખનું' આ ફિલ્મ તા. ૧૫ સપ્ટેમ્બર થી ૧૫ નવેમ્બર ૨૦૦૭ દરમ્યાન વિવિધ ગામો-શહેરોમાં જુદા જુદા ગ્રુપ-મંડળ-ક્લબ-થિયેટરમાં દર્શાવાઈ રહી છે. આપ પણ આપના મિત્રો-સગાસંબંધીઓ-ગ્રાહકો-પ્રોફેશનલ ગ્રુપ વિગેરેમાં બતાવવા સંપર્ક કરી શકો છો. આ માટે આપના સ્થાનિક સત્સંગ સેન્ટરમાં સંપર્ક કરવો.

## દાદા ભગવાન પરિવારના સત્સંગ સેન્ટરોની યાદી

| | |
|---|---|
| અમદાવાદ | ૦૭૯-૨૭૫૪૦૪૦૮, ૨૭૫૪૩૯૭૯ |
| મુંબઈ | ૦૨૨-૨૪૧૧૩૮૭૫, ૯૩૨૦૦૧૮૮૧૦ |
| આદિપુર | ૬૫૧૪૮૫, ૯૮૭૯૬૧૭૧૫૨ |
| અમરેલી | ૯૪૨૬૯૮૫૬૩૮, ૦૨૭૯૨-૨૨૧૨૩૬ |
| અંકલેશ્વર | ૯૩૭૪૨૬૭૬૦૬ |
| આણંદ | ૯૪૨૭૦૮૩૮૦૭,૦૨૬૯૬-૨૪૫૦૬૫ |
| અંજાર | ૯૯૨૪૩૦૪૦૧૪ |
| બાકરપુરા | ૦૨૭૭૦-૨૩૦૬૩૦, ૯૪૨૭૪૦૨૨૩૮ |
| ભાદરણ | ૦૨૬૯૬-૨૮૮૪૨૮ |
| ભરૂચ | ૯૯૭૪૭૦૫૦૬૬, ૯૮૯૮૫૪૭૨૬૧ |
| ભાવનગર | ૦૨૭૮-૨૫૭૧૪૬૧, ૯૮૨૪૨૪૮૭૮૯ |
| ભૂજ | ૦૨૮૩૨-૨૩૧૬૩૬, ૯૮૭૯૪૫૯૧૨૫ |
| બિલીમોરા | ૦૨૬૩૪-૨૮૧૩૫૧ |
| બોટાદ | ૯૮૨૪૮૮૦૧૫૪ |
| ચીખલી | ૦૨૬૩૪-૨૩૪૧૦૫, ૯૮૨૫૭૭૫૨૧૨ |
| ચલામણી | ૦૨૬૬૪-૨૬૩૫૪૦ |
| ધોરાજી | ૦૨૮૨૪-૨૨૩૯૪૪, ૯૩૨૮૦૯૦૩૪૪ |
| ધ્રાંગધ્રા | ૦૨૭૫૪-૨૬૨૧૯૩ |
| દાહોદ | ૯૮૭૯૧૭૬૫૦૦ |
| ગાંધીધામ | ૦૨૮૩૬-૨૨૧૧૫૬, ૯૮૯૮૩૪૦૫૪૪ |
| ગાંધીનગર | ૯૯૨૪૩૪૩૭૨૭, ૨૩૨૨૫૪૮૬ |
| હિંમતનગર | ૦૨૭૭૨-૨૪૦૨૧૭, ૯૩૭૬૪૧૨૦૮૯ |
| જામનગર | ૦૨૮૮-૨૫૫૭૧૭૩/૭૨ |
| જેતપુર | ૦૨૮૨૩-૨૨૦૯૭૦, ૯૮૨૫૫૩૭૦૮૩ |
| જૂનાગઢ | ૯૪૨૭૨૨૪૮૮૯, ૦૨૮૫૨૬૩૩૫૯૫ |
| કડી | ૯૮૨૪૩૧૮૯૦૪, ૯૮૨૪૩૦૨૪૪૨ |
| કીલ્લા પારડી | ૯૮૨૫૧૦૯૬૪૮ |
| ખંભાત | ૦૨૬૯૮-૨૯૦૬૫૮ |
| મહેસાણા | ૦૨૭૬૨-૨૬૪૭૦૭, ૯૯૨૫૬૦૫૩૪૫ |
| મોરબી | ૦૨૮૨૨-૨૪૦૨૫૪/૨૪૦૦૦૦ |
| નડિયાદ | ૦૨૬૮-૨૫૫૯૩૧૪ |
| નવાનગર | ૯૪૨૬૫૭૨૦૦૬ |
| પાલનપુર | ૯૪૨૬૫૦૫૬૦૨ |
| પંચમહાલ | ૯૯૨૪૩૪૩૪૬૮ |
| પોરબંદર | ૦૨૮૬-૨૨૪૬૯૩૯, ૯૪૨૭૨૫૯૩૪૫ |
| રાજકોટ | ૯૮૯૮૬૫૬૫૧૯ |
| રાજપર | ૦૨૮૨૨-૨૨૯૧૧૪ |
| સાંઈલા | ૯૯૮૫૧૮૯૧૯ |
| સુપેડી | ૦૨૮૨૪-૨૮૫૪૩૧ |
| સુરત | ૯૩૭૪૭૧૬૯૮૯ |
| સુરેન્દ્રનગર | ૯૮૭૯૨૩૨૮૭૭ |
| તલાલાગીર | ૦૨૮૭૭-૨૨૨૦૩૪ |
| ટંકારા | ૦૨૮૨૨-૨૮૭૨૯૧ |
| થાનગઢ | ૯૯૨૫૪૫૫૮૯૯ |
| વડોદરા | ૯૮૨૫૦ ૩૨૯૦૧ |
| વાગરા | ૦૨૬૪૧-૨૨૫૫૨૨ (પી.પી.) |
| વલસાડ | ૯૮૨૪૧ ૦૦૯૬૧ |
| વેરાવળ | ૯૮૯૮૨૨૧૦૩૩, ૦૨૮૭૬-૨૨૨૧૭૨ |
| ઉંમરગામ | ૯૮૯૮૩૩૦૬૭૭ |
| Kolkatta | 033-30933885 |
| Pune | 9822037740, 020-24274567 |
| Banglore | 080-26561155,9341948509 |
| Delhi | 011-55079497,9310366956 |
| Indore | 9893278866 |
| Bhopal | 9229568333 |
| Ara-Patna | 09934620084,06182233844 |

## પૂજ્ય નીરુમાને નિહાળો ટીવી ચેનલ્સ પર...

**ભારત** ✧ 'दूरदर्शन' ( नेशनल ) पर सुबह ८-३० से ९ ( सोम से शुक्र ) 'नई दृष्टि, नई राह'

**આંધ્રપ્રદેશ, તામિલનાડુ, કેરાલામાં પ્રાદેશિક ભાષામાં પ્રાદેશિક પ્રસારણમાં તે જ સમયે.**

✧ **'દૂરદર્શન' પર દરરોજ બપોરે ૩-૩૦ થી ૪ (ગુજરાતમાં)** (અન્ય રાજ્યોમાં 'ડીડી-૧૧' પર તે જ સમયે)

✧ **આસ્થા ઈન્ટરનેશનલ પર બપોરે ૧૨-૩૦ થી ૧ (સોમ થી શુક્ર)**

✧ **ઝી ગુજરાતી પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦**

**સમગ્ર વિશ્વમાં** (ભારત સિવાય) **'સોની' ટીવી પર સવારે ૭ થી ૭-૩૦, સોમથી શુક્ર (હિન્દીમાં)**

**સમગ્ર વિશ્વમાં** (ભારત સિવાય) **'આસ્થા ઈન્ટરનેશનલ' ટીવી પર સવારે ૮ થી ૮-૩૦, સોમથી શુક્ર**

**U.S.A. : ✧ 'TV Asia' Everyday 7 to 7-30 AM EST (In Gujarati)**

**✧ 'TV 39 (NJ)' Mon-Fri 6 to 7 PM & Sat 6 PM to 6-30 PM EST (In Gujarati)**

**Canada: ✧ 'ATN' Every Wed-Thu 8-30 to 9 AM EST**

## પૂજ્ય દીપકભાઈ દેસાઈને નિહાળો ટીવી ચેનલ્સ પર...

**ભારત ✧ 'દૂરદર્શન' ડીડી-૧૧ પર દરરોજ રાત્રે ૯ થી ૯-૩૦ - 'જ્ઞાનપ્રકાશ'**

✧ **'આસ્થા ઈન્ટરનેશનલ' પર રાત્રે ૪ થી ૪-૩૦ - સોમથી શુક્ર, શનિ-રવિ સવારે ૨ થી ૨:૩૦**

**સમગ્ર વિશ્વમાં (ભારત સિવાય) આસ્થા ઈન્ટરનેશનલ પર સોમ થી શુક્ર સાંજે ૧૧-૩૦ થી ૧૨, શનિ-રવિ સવારે ૮ થી ૮-૩૦**

**UK-Europe ✧ 'MA TV' પર દરરોજ સાંજે ૫ થી ૫-૩૦**

---

## Spiritual Retreat in English in the presence of Atmagnani Pujya Deepakbhai

**(Specially for English Speaking Seekers)**

**Date : 13th to 16th December, 2007**

**Venue : Trimandir, Adalaj (Ahmedabad), India.**

---

### નવા પ્રકાશિત પુસ્તકો

- એડજસ્ટ એવરીવ્હેર, અથડામણ ટાળો, બન્યું તે ન્યાય, ભોગવે એની ભૂલ - મરાઠી ભાષામાં
- દાદા ભગવાન ? તથા પૈસાનો વ્યવહાર - હિન્દી ભાષામાં
- આપ્તવાણી ૯ - અંગ્રેજી ભાષામાં ટૂંક સમયમાં પ્રગટ થશે.

### નવી વીસીડી

- પૂજ્ય નીરુમાના ઈંગ્લીંશ સત્સંગ - ભાગ ૧ થી ૯
- પૂજ્ય દીપકભાઈના બેંગ્લોર ૨૦૦૬ અને ૨૦૦૭ તથા ઈન્દોર, કોલકતાના હિન્દી સત્સંગોની વીસીડી
- સ્વરમણા ૧૭ - ભક્તિપદો.

ઑક્ટોબર ૨૦૦૭
વર્ષ-૧૩, અંક-૨
સળંગ અંક - ૧૪૬

# દાદાવાણી

Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143
WPP Licence No. 229
valid up to 31-12-08
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.



## શુદ્ધ ભાવના કામ કાઢી નાખે

ભાવના તો કેવી હોય કે કેમ કરીને આ જગતનું રૂડું થાય, લોકો કેમ સુખી થાય ! 'જગતનું કલ્યાણ થાવ' એવી ભાવના ભાવી હોયને, તે લોક જાણે કે આ ભાવના કો'કના માટે ભાવી, પણ એ પોતાની જ ભાવના કહેવાય. આ ભાવના પહેલું પોતાનું હિત કરે. એક જ માણસ કલ્યાણની ભાવના ભાવે તો કેટલું બધું ફેરફાર થઈ જાય ! પ્યોર ભાવનાઓ હોય તો કામ કાઢી નાખે !

- દાદાશ્રી

Printed by Mahavideh Foundation - (079) 27542964, 27540216

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક – શ્રી દીપકભાઈ દેસાઈ દ્વારા
મહાવિદેહ ફાઉન્ડેશન પ્રેસ - પાર્શ્વનાથ ચેમ્બર્સના ભોંયરામાં, નવી રિઝર્વ બેંકની પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશનના સરનામેથી પ્રકાશિત કર્યું છે